પાના ૧૬ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૧૫/૦૮/૨૦૨૪, ગુરૂવાર
ફોન : ૨૨૮૪૨૨

સત્યમ્ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

# અમરેલી એક્સપ્રેસ

www.amreliexpress.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર

R.N.I.NO.GUJGUJ/2001/11803
Postal Reg.No. AMR/217/2024-26

E-Mail : amreliexpress7@gmail.com

15TH August Independence Day
India 15th August INDEPENDENCE DAY

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.


તંત્રી,પ્રકાશક,માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એક્સપ્રેસ કાર્યાલયથી પ્રસિધ્ધ કર્યુ. : વિક્રમ સંવત ૨૦૮૦ શ્રાવણ સુદ-૧૧ વર્ષ : ૧૫ અંક : ૨૦૯

**સુવિચાર**

સ્વાઘ્યાય કરવાથી મનુષ્યનું જીવન શાંતિમય, ગુણમય, જ્ઞાનમય અને પુણ્યમય કે આનંદમય બને છે.

:: સૌજન્ય ::
નિલકંઠ જવેલર્સ (લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭

ફરસાણ • ખમણ • મીઠાઈ
શિવ ફરસાણ (ધારીવાળા)
નારણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે, લીલીયા રોડ, અમરેલી.

પથરી - પ્રોસ્ટેટ - કીડનીની તકલીફ ?
ફ્રી નિદાન કેમ્પ...
ફ્રી ઓપરેશન...
નોંધઃ હોસ્પિટલમાં સોનોગ્રાફી ફ્રિ કરી આપવામાં આવશે.
જરૂરીયાતમંદ દર્દીઓને દવાઓ ફ્રિ આપવામાં આવશે.
ડો.જય માકડીયા
યુરોલોજીસ્ટ
તારીખ : ૧૭-૦૮-૨૦૨૪,શનિવાર
સમય બપોરે ૦૩:૦૦ થી ૦૫:૦૦


■ કીડની ■ પ્રોસ્ટેટ ■ પથરી
નવજીવન જનરલ હોસ્પિટલ
કેરીયા રોડ, નાગરીક બેંકની બાજુમાં,અમરેલી
ફોન નં.(૦૨૭૯૨) ૨૨૨૨૨૩,મો.૯૯૭૮૨ ૯૩૦૦૦

## સાંસદ ભરત સુતરીયા, નાયબ દંડક કૌશિક વેકરિયાની પ્રેરક ઉપસ્થિતિમાં

# અમરેલીમાં ૫ હજાર જેટલા નગરજનો દ્વારા તિરંગા યાત્રા યોજાઈ

**સમગ્ર શહેર ''ભારત માતા કી જય''નાં નારા સાથે દેશભક્તિનાં રંગે રંગાયું**

**સાંસ્કૃતિક કાર્યક્રમ તેમજ પારંપારિક વેશભુષા સાથે કલાકારોએ પ્રસ્તૃતિ કરી**

**પોલીસ બેન્ડ, અશ્વદળ અને કલાકારોનાં ટેબ્લો સાથે યોજાઈ તિરંગા યાત્રા**

**વહીવટીતંત્ર, શૈક્ષણિક, ધાર્મિક અને વેપારીઓની સંસ્થા પણ જોડાઈ**



અમરેલી, તા.૧૪

આઝાદીનાઅમૃતમહોત્સવ અંતર્ગતસ્વાતંત્ર્ય પર્વનાઅવસરે 'હરઘર તિરંગા' અભિયાનની ઉત્સાહભેર ઉજવણી થઈ રહી છે. અમરેલી જિલ્લા વહીવટી તંત્ર, પોલીસ તેમજ વિવિધ શૈક્ષણિક, સામાજિક અને ધાર્મિક સંસ્થાઓની ભાગીદારીથી અમરેલી શહેરમાં પણ 'તિરંગા યાત્રા' યોજાઈ હતી.

આ કાર્યક્રમમાં અંદાજે ૫,૦૦૦થી વધુ નાગરિકો સહભાગી થયા હતા. તિરંગો લઈ 'ભારત માતા કી જય' ના નાદ સાથે શહેરના વિવિધ માર્ગો પરથી પસાર થયા હતા.

'તિરંગા યાત્રા'ને સાંસદ ભરતભાઈ સુતરિયા, અમરેલી-વડીયા-કુંકાવાવ વિધાનસભા મતવિસ્તારના ધારાસભ્ય અને વિધાનસભાના નાયબ મુખ્ય દંડક કૌશિકભાઈ વેકરિયા અને અમરેલી જિલ્લા કલેક્ટર અજય દહિયાએ લીલી ઝંડી બતાવી પ્રસ્થાન કરાવ્યું હતું.

અનુસંધાન પાના ૧૨ ઉપર

## તંત્રી સ્થાનેથી....

## દેશવાસીઓને આઝાદીનાં ૭૮માં દિને ખૂબ-ખૂબ શુભકામનાઓ

ભારત દેશ આઝાદી થયાને આજે ૭૭ વર્ષ પૂર્ણ થયા છે અને સમગ્ર દેશમાં અને વિદેશમાં વસતા ભારતીયો ધ્વારા ઉત્સાહભેર સ્વાતંત્ર્ય દિને ધ્વજવંદન, દેશભકિતનાં ગીતો, રેલી સહિતનાં વિવિધા કાર્યક્રમો સાથે ઉજવણી થઈ રહી છે અને દેશવાસીઓ દેશભકિતનાં રંગે રંગાયા છે.

ભારત દેશ અંગ્રેજોની ગુલામીમાંથી મુકત થયાને ૭૭ વર્ષ પસાર થયા છે પરંતુ દેશમાં આજે કુરિવાજો, અંધશ્રધ્ધા, ભૂખમરો, બેરોજગારી, ભ્રષ્ટાચાર, રખડતા પશુઓ, ગંદકી, શાળાઓ અને સરકારી દવાખાનાઓની દયનીય હાલત જેવી સમસ્યાથી ઘેરાઈ ચુકયો છે.

દેશને આઝાદ કરવા માટે આઝાદીનાં લડવૈયાએ પોતાનું સમગ્ર જીવન દેશ માટે ન્યોછાવર કરી દીધું કારણ કે આઝાદીનાં લડવૈયાઓ એવું માનતા હતા કે દેશ આઝાદ થશે તો દેશમાં લોકશાહી શાસન વ્યવસ્થા રાજ કરશે અને દેશનાં છેવાડાનાં માનવીનું જીવન ધોરણ સુધરશે. તેમને પુરતો ખોરાક, પીવાનું પાણી, સુરક્ષા, સારૂ શિક્ષણ અને શ્રેષ્ઠ આરોગ્ય સેવા તેમજ રહેવા માટે મકાન મળશે અને લોકોનાં હાથમાં શાસન આવશે અને લોકોના પ્રતિનિધિઓ જ સરપંચથી લઈને પ્રધાનમંત્રી બનશે અને એટલે દેશવાસીઓનું કલ્યાણ થશે.

આજે આઝાદીનાં લડવૈયાઓ વર્તમાન પરિસ્થિતિ નિહાળીને દુઃખી થતાં હશે. કારણ કે આઝાદીનાં લડવૈયાનાં મોટાભાગનાં સ્વપ્ન ચકનાચુર થતાં જોવા મળી રહ્યા છે. દેશમાં આજે કરોડો પરિવારોને બે ટંકનું ભોજન, મકાન, શિક્ષણ, આરોગ્ય કે સુરક્ષાની સુવિધા મળતી નથી. જનતાનાં પ્રતિનિધિ ગણાતાં સરપંચથી લઈને સાંસદ સુધીનાં અનેક પદાધિકારીઓ ભ્રષ્ટાચાર અને સત્તાનાં ઘમંડમાં ચકનાચુર બન્યા છે. તેઓને દેશનાં ગરીબો, ખેડૂતો, શ્રમિકો, યુવાનો, મહિલાઓ કે બાળકોની ચિંતા નથી. તેઓ સત્તાનો દુરૂપયોગ કરીને અઢળક સંપત્તિ એકત્ર કરી રહ્યા છે અને દેશમાં ૮૦ કરોડ વ્યકિતઓ મફતમાં મળતું અનાજ ખાવા મજબુર બન્યા છે.

આઝાદીનાં ૭૭ વર્ષ બાદ દેશમાં અગણિત સમસ્યાઓ દિનપ્રતિદિન વિકરાળ બની ગઈ છે. દેશનાં સત્તાપક્ષ કે વિપક્ષી નેતાઓ વચ્ચે કટુતા વધી રહી છે. એકબીજા ઉપર આક્ષેપ-પ્રતિ આક્ષેપ કરીને તેઓ દેશની સમસ્યા ભુલાવી રહ્યા છે.

દેશમાં આજે અંધશ્રધ્ધાએ પણ પકડ મેળવી છે. કહેવાતા અનેક ધર્મગુરૂઓ પણ ધર્મનાં નામે ધતીંગ કરી રહ્યા છે અને નિર્દોષ દેશવાસીઓ તેમની ચુંગાલમાં ફસાઈ રહ્યા છે. દેશનાં સ્વાતંત્ર્યદિને દેશનાં શાસકો અને વિપક્ષો દેશની જનતાને સુખ-સુવિધા આપવા એક બને અને આઝાદીનાં લડવૈયાઓનાં સ્વપ્નને સાકાર કરે તેવી પ્રાર્થના કરવી રહી.

## સ્વાતંત્ર્ય પર્વ નિમિતે અંક બંધ રહેશે

''અમરેલી એક્સપ્રેસ'' કાર્યાલય ૧૫ મી ઓગષ્ટના સ્વાતંત્ર્ય દિને સંપૂર્ણ રજા પાળશે જેથી ૧૬ ઓગષ્ટને શુક્રવારનાં રોજ અંક પ્રસિધ્ધ થશે નહી. ૧૭ ઓગષ્ટને શનિવારના રોજ રાબેતા મુજબ અંક પ્રસિધ્ધ થશે, જેની સર્વોએ નોંધ લેવા વિનંતી. - તંત્રી

નારી વુમન્સ & ચિલ્ડ્રન હોસ્પિટલ & એન્ડોસ્કોપી સેન્ટર
દુરબીનથી થતા ગર્ભાશય અને અંડાશયની ગાંઠના ઓપરેશનની સેવાઓ ઉપલબ્ધ...
ડૉ. ચિરાગ વી. કુબાવત (M.B.D.G.O.) (સ્ત્રીરોગ નિષ્ણાંત)
Diploma in Gynec Endoscopy (FRANCE)
ઉપલબ્ધ સુવિધાઓ :- નોર્મલ/જોખમી સિઝેરીયન ડીલીવરી ● પેઈનલેસ (પીડા રહીત ડીલીવરી) 3D/4D કલર ડોપ્લર/ખોડખાપણની સોનોગ્રાફી,
● ટાંકાવાળુ, ટાંકાવગરનું તથા દુરબીનથી થતા ગર્ભાશયના ઓપરેશન
● વંધ્યત્વની વૈજ્ઞાનિક/આધુનિક સારવાર/IUI = ૨૪ કલાક કાર્યરત
● લીફ્ટ, લેબોરેટરી, એમ્બ્યુલન્સની સુવિધા
ડૉ. ઉપાસના સી. કુબાવત (M.B.D.C.H.) (નવજાત શિશુ તથા બાળરોગ નિષ્ણાંત)
ઉપલબ્ધ સુવિધાઓ : - રસીકરણ કેન્દ્ર ● નવજાત શિશુ દાખલ કરવા અધતન NICU
● આહાર સબંધીત સમસ્યાઓ, કુપોષણવાળા બાળકોની સર્વાંગી તપાસ/સારવાર
● જન્મથી ૧૭ વર્ષ સુધીના બાળકોની તપાસ/સારવાર
ઓપીડી સમય : સોમ-શનિ, સવારે ૯ થી ૨, સાંજે ૫ થી ૮
જુના પાંચ માળીયાની બાજુમાં, વિજય આર્ટસની સામે, માણેકપરા, અમરેલી.
(02792) 221324

શુભઆરંભ સ્કીન ઓપીડી સોમવારથી ગોળ હોસ્પિટલમાં
હવે... અમરેલી ગોળ હોસ્પિટલમાં સ્કિનની સારવાર ઉપલબ્ધ


Dr Raj Patolia
MBBS, MD (Skin)
સમય : દરરોજ બપોર પછી ૫:૦૦ વાગ્યા થી સાંજના ૮ :૦૦ વાગ્યા સુધી
વધુ માહિતી માટે સંપર્ક કરો
નેત્ર ચિકિત્સા ટ્રસ્ટ મલ્ટિ સ્પેશિયાલીટી હોસ્પિટલ
ગોળ હોસ્પિટલ કેમ્પસ, ચિતલ રોડ, અમરેલી ૩૬૫૬૦૧ ગુજરાત.
ફોન : (૦૨૭૯૨) ૨૩૩૯૯૯
Mobile : 99789 66629
NETRA CHIKITSA TRUST
MULTI SPECIALITY HOSPITAL

ઉપલબ્ધ સારવાર
● ચામડીના રોગો જેવા કે ધાધર, ખરજવું, ખસ, ચેપી રોગો, એલર્જી, શીળસ, ગૂમડાં, રસી વગેરેનું નિદાન તથા સારવાર .
● ચેહરા પર દાઝ, કાળા ડાઘ, આંખના કુંડાળા, મોઢામાં ચાંદી વગેરેનું નિદાન તથા સારવાર.
● તમામ ખીલ, ખીલના ડાઘ તેમજ ખીલના ખાડાની સારવાર.
● નખને લાગતા તમામ રોગોનું નિદાન તેમજ સારવાર.
● વાળને લાગતા રોગો જેવા કે વાળ ખરવા, ટાલ પડવી, ઊંદરી થવી, માથાની ધાધર, ખોળો, જૂ પડવી નું નિદાન તથા સારવાર.
● નખને લાગતા રોગ જેવા કે નખની ધાધર, બટકતા નખ, નખમાં રસી ભરાવા સોરિયાસિસ વગેરેની તપાસ તથા સારવાર.
● અન્ય રોગો જેવા કે સોરિયાસીસ, સફેદ ડાઘ, ચેપી તથા સદા મસા, કપાસી, વગેરેની સારવાર.
● રક્તપિત, જાતીય રોગો વગેરેની તપાસ, ચોક્સ નિદાન તેમજ સારવાર.

## જાહેર માર્ગ પર પશુઓનાં કારણે થતી ટ્રાફિક સમસ્યા નિવારવા માટે

# બાબરામાં રખડતા પશુઓને પોલીસકર્મીઓએ માર્ગ પરથી દૂર કર્યા

**મીડિયા જગતમાં અવારનવાર અહેવાલ પ્રસિધ્ધ થાય છતાં પાલિકાને કાંઈ પડી નથી**

**જાહેર માર્ગ ઉપર પશુઓનો અડિંગો હોવાથી અવારનવાર અકસ્માતની પણ ઘટના બને છે**

**શહેરીજનો છેલ્લા થોડા દિવસોથી રખડતા પશુઓની સમસ્યાથી નારાજ બન્યા છે**

**રખડતા પશુઓની સમસ્યાનું કાયમી ધોરણે નિરાકરણ કરવા માંગ ઉભી થઈ**



તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

બાબરા, તા. ૧૪

બાબરામાંચોમાસાનીઋતુ દરમિયાનમુંગાપશુઓનોત્રાસવધુરહે છે. જેમાં રોડ રસ્તામાં અડીંગો જમાવી બેસી રહેતા ઢોરના કારણે વાહન ચાલકોનેપસારથવામાંમુશ્કેલીઓઉભી થાય છે અને ભારે ટ્રાફિક જામ થાય છે તેમજ અકસ્માત સર્જાવાની ભીતિ સતાવે છે.

ત્યારે અનેકવાર રજુઆત કરવા છતાં નગરપાલિકા દ્વારા ઢોરને તગેડવામાટે કોઈ કામગીરી કરાતી નથી. બાબરા પોલીસને આ બાબતે ધ્યાને આવતા સ્થાનિક ટાઉન સ્ટાફ તેમજ ડી સ્ટાફઅનેટ્રાફિકબ્રિગેડનાજવાનોમળી કલાકો સુધી રાજકોટ–ભાવનગર સ્ટેટ હાઈવે રોડપર બેસી અડીંગો જમાવતા ઢોરને ખેસડવામાં આવતા વાહન ચાલકોએ રાહતનો ાસ લીધો હતો.

બાબરા શહેરમાં એક અંદાજ મુજબ ૫૦૦ થી વધુ મુંગાપશુઓ આંટાફેરા મારે છે. જેમાં ગાય માતા અને આખલાઓ છે. સૌથી વધુ આખલાઓ છે જે શહેરની શેરી, મહોલ્લા અને બઝારોને બાનમાં લઈ લે છે. ત્યારે નગરપાલિકાના જવાબદાર લોકો આ બાબતે યોગ્ય કરે અને કોઈ નકકર કાર્યવાહી કરે તેવી લોકોમાં માંગ ઉઠવા પામી છે.

## ચિતલ ખાતે ભાજપ પરિવાર, વિ.હિ.પ અને ગ્રામજનો દ્વારા તિરંગા યાત્રા યોજાઈ



ચિતલ, તા. ૧૪

ચિતલ જસવંતગઢ ભાજપ પરિવાર તથા વિશ્વ હિન્દુ પરિષદ તથા સર્વ સમાજ સર્વ નગરજનો દ્વારા ઉત્સાહભેર તિરંગા યાત્રા ચિતલ શહેરના મુખ્ય માર્ગો ઉપર રેલી સ્વરૂપે નીકળેલ આ રેલીનું પ્રસ્થાન ગુજરાત વિધાનસભાના નાયબ મુખ્ય દંડક કૌશિકભાઈ વેકરીયા તથા સ્વામિનારાયણ ગુરૂકુળના સંતશ્રી મદનમોહન સ્વામીએ કરાવ્યું હતું. આ પ્રસંગે ચિત્ર વ્યસનગઢ ભાજપના આગેવાનો સર્વ વિજયભાઈ દેસાઈ, ઉપપ્રમુખ વિશ્વ હિન્દુ પરિષદ અમરેલી જિલ્લા તેમજ મનસુખભાઈ નાડોદા, જયેશભાઈ નાકરાણી, સુરેશભાઈ પાથર, વિ.પ. ઉપપ્રમુખ જયંતીભાઈ દેસાઈ, નરૂભાઈ પંડયા, રાજુભાઈ ધાનાણી, પ્રવિણભાઈ તેરવાડીયા, રંજનબેન બાબરીયા, સુખદેવસિંહ સરવૈયા, રઘુભાઈ સરવૈયા, અજયસિંહ સરવૈયા, ડો. હિતેશભાઈ ગાંધી, મનોજભાઈ જોશી, જશવંતગઢમાંથી જે.બી. દેસાઈ, લાલજીભાઈ દેસાઈ, અશોકભાઈ માંગરોળીયા, મનસુખભાઈ માંગરોળીયા, દિનેશભાઈ પાટીદાર, મનુભાઈ અસલાલીયા, માવજીભાઈ પરમાર, સુરેશભાઈ પરમાર, કિશોરભાઈ વોરા, કરસનભાઈ ભાલાળા તેમજ દાઉદી વોરા સમાજના જનાબ સાહેબ વોરા સમાજને વિશાળ સંખ્યામાં ઉપસ્થિત રાખ્યો હતો સ્વામિનારાયણ ગુરૂકુળ ચિતલ શિવમ વિદ્યાલય ચિતલ હાઈસ્કુલ તથા આંગણવાડીની બહેનો તથા સ્કુલના તમામ સ્ટાફના સુંદર સહકારથી તિરંગા યાત્રાનું સુંદર આયોજન થયું હતું આ તકે ચિતલ હાઈસ્કુલના અજયસિંહ સરવૈયાએ સુંદર સહકાર આપ્યો હતો.

## વૈષ્ણવ સંપ્રદાયની અવરજવર રહેતી હોય

# અમરેલીનાં ચિતલથી ધરાઈ વચ્ચેનાં માર્ગની મરામત કરવા માંગ કરાઈ

**વૈષ્ણવજન હસમુખ પટેલે મુખ્યમંત્રીને પત્ર પાઠવ્યો**



અમરેલી તા.૧૪

અમરેલીનાં વૈષ્ણવની હસમુખ પટેલ મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલને પત્ર પાઠવેલ છે.

પત્રમાં જણાવેલ છે કે, બાબરા તાલુકામાં આવેલ 'ધરાઈ' ગામ આશરે ૩૫૦ વર્ષ જુનુ ઐતિહાસિક સ્થાન ધરાવે છે. આ ઐતિહાસિક ધર્મ સ્થાન સ્થિત નાથદ્વારા(શ્રીનાથજી) છે. તેની સમક્ષ ધરાઈ ગામ ખાતે શ્રી બાલમુકુંદ લાલજીની હવેલીને માનવામાં આવેલ છે. અહિ સમગ્ર ગુજરાત સહિત સમગ્ર ભારત અને વિશ્વના દેશોમાંથી પૃષ્ટિ વૈશ્ણવ સંપ્રદાયના વૈશ્ણવો દર્શને આવતા હોય છે.

અમરેલી જિલ્લા મથક હોઈ ત્યારે અમરેલીથી ધરાઈ ગામ સુધી જવા માટે યોગ્ય માર્ગની સુવિધા જરૂરી છે. અમરેલીથી ચિતલ સુધીનો રોડ યોગ્ય છે. પરંતુ ચિતલથી ધરાઈ જવાનો માર્ગ સાંકડો છે તેમજ ચિતલ/મોણપુર ગામની નદીઓમાં યોગ્ય પુલની સુવિધા નથી. ચિતલથી ધરાઈ જવાના માર્ગમાં આવતા નાના મોટા વોકળા ઉપર પુલ બનાવવામાં આવે તે ખૂબ જ જરૂરી છે. સમગ્ર વિસ્તાર અને કરોડો વૈશ્ણવોની સુખાકારી માટે ચિતલથી ધરાઈ સુધીની માર્ગનું નવિનીકરણ કરી નમુનેદાર માર્ગ બનાવવા અંતમાં માંગ કરવામાં આવી છે.

## મોટા દેવળીયાની નવયુગ વિદ્યાર્થી રમતવીર જીલ્લા કક્ષાએ વિજેતા



તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

બાબરા, તા. ૧૪

અમરેલી જીલ્લા કક્ષા અખિલ ભારતીય શાળાકીય રમતોની એથ્લેટિકસ રમતો તારીખ ૧૨ ૮ ૨૪ વિદ્યાસભા લાઠી રોડ ખાતે યોજાઈ જેમાં મોટા દેવળીયા ગ્રામ પંચાયત સંચાલિત નવયુગ ઉચ્ચતર માધ્યમિક શાળાનો વિદ્યાર્થી ગરાસીયા પ્રદીપ ચીમનભાઈ ધોરણ ૧૦, વય જુથ અંડર – ૧૭ બરસીફેંકમાં જીલ્લા કક્ષાએ દ્વિતીય સ્થાન પ્રાપ્ત કરી સમગ્ર તાલુકા, શાળા અને ગામનું ગૌરવ વધારેલ છે હવે પછી રાજયકક્ષાએ પણ આ વિદ્યાર્થી ફેંક માટે જનાર છે જેના વ્યાયામ શિક્ષક અને ટીમ મેનેજર મહેશભાઈ ચાવડા અને શાળાના પ્રિન્સિપલ દ્વારા વિદ્યાર્થીઓને ખૂબ ખૂબ અભિનંદન આપવામાં આવ્યા.

## અમરાપરા ખાતે મનરેગા અંતર્ગત 'એક પેડ મા કે નામ' વૃક્ષારોપણ કરાયું



તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

બાબરા, તા. ૧૪

બાબરા તાલુકાના અમરાપરા ગ્રામ પંચાયત દ્વારા સરપંચ અશોકભાઈ અસલાલીયાના અધ્યક્ષ સ્થાને એક પેડ માં કે નામ અંતર્ગત વૃક્ષારોપણ કાર્યક્રમ અહીં સુવાળિયા ઠાકોર સમાજના સ્માશમાં કરવામાં આવ્યો હતો જેમાં ઉપસ્થિત અગ્રણીઓના હસ્તે વિવિધ પ્રકારના વૃક્ષનું વૃક્ષારોપણ કરવામાં આવ્યું.

આ કાર્યક્રમમાં તાલુકા પંચાયતના વિસ્તરણ અધિકારી પંચાયત શાખા હઠીનારાયણ નીતાબેન તલાટી મંત્રી દિનેશભાઈએ પટેલ સરપંચ અશોકભાઈ અસલાલીયા ઉપસરપંચ શિવરાજભાઈ વાળા પંચાયત સભ્યો સુરેશભાઈ ધાખડા રાજુભાઈ સોરઠીયા મહેશભાઈ ચાવડા રઘુભાઈ જોગરાણા ઠાકોર સમાજ ભાઈઓ દિનેશ ડાભી આકાશ કાનપરા સંજય રાઠોડ હરેશભાઈ વડેચા રાજુભાઈ ડાભી વગેરે સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતાં.

## ખોટા સર્ટિફિકેટ રજુ કરી શિક્ષકો પગાર લઈ રહ્યા છે

# નકલી કાગળોથી અસલી ભરતી ભૂતિયા શિક્ષક કાંડ બાદ બોગસ શિક્ષક કાંડ

**રાજમાં તંત્ર ''બોદુ અને નકામુ'' થઈ ગયું છે : હેમાંગ રાવલ**

અમદાવાદ, તા. ૧૪

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ રાજીવ ગાંધી ભવન ખાતે ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના મીડીયા કોકન્વીનર અને પ્રવકતા હેમાંગ રાવલે જણાવ્યું હતું કે, ગુજરાતમાં ભાજપ સરકારના ત્રણ દાયકાના શાસનમાં અનેક કૌભાંડો અને શિક્ષિત બેરોજગારો સાથે થઈ રહેલા અન્યાયનો કીર્તિમાન સ્થાપિત થયો છે. એક તરફ વિદ્યાસહાયકની ભરતી માટે લાખો ઉમેદવારો સંઘર્ષ કરી રહ્યાં છે, આંદોલન કરી રહ્યાં છે અને તેમને જ્ઞાન સહાયક બનાવીને કોન્ટ્રાકટ પદ્ધતિનો શિકાર બનાવવામાં આવે છે ત્યારે બીજી તરફ ભાજપ સરકારે નિર્લજજતાની હદ વટાવી છે. રાજયમાં લાખો યુવાનો બેરોજગાર બેઠા છે અને સરકારના જવાબદાર અધિકારીઓ તેમના સગા – વ્હાલાને સાચવી લેવા માટે હોડ કરી રહ્યા છે. ભાજપ સરકાર લાજવાની બદલે ગાજી રહી છે અને કૌભાંડો સામે આંખ આડા કાન કરી રહી છે.

ગૃહમંત્રી હર્ષ સંઘવી અને શિક્ષણ સચિવને પણ આ વાતની, કૌભાંડની જાણ હતી, પુરાવા સાથે આ વાત તેમની સામે પહોંચી હતી છતાં પણ આ રમત રમાતી રહી. ગુજરાતમાં વર્ષ ૨૦૧૦માં ખેડા જિલ્લામાં ૧૪૧ વિદ્યાસહાયકની ભરતી જાહેરાત બહાર પડી હતી.

૧૪૧ ભરતીની સાથે ૨૩ એવા ઓર્ડર આપવામાં આવ્યા જે ઉમેદવારોએ અરજી પણ નહોતી કરી. વધુમાં, આ ઉમેદવારોએ અપંગતાના ડુપ્લીકેટ સર્ટિફિકેટ રજૂ કર્યા હતાં. સામાન્ય પ્રવાહમાં પીટીસી વિદ્યા સહાયકમાં ૬૩ની બદલે ૬૭ઉમેદવારો લેવામાં આવ્યા. જયારે વિજ્ઞાનપ્રવાહમાં ૩ વધુ ઉમેદવારો લેવામાં આવ્યા. આવી જ રીતે બીજા વિભાગોમાં પણ ગેરરીતિથી ઉમેદવારો લેવામાં આવ્યા.

વ્યાજબી છે કે, સરકારી મહેકમમાં જાહેર કરેલ ૧૪૧ સરકારી શિક્ષકોનો પગાર બજેટમાં ફળવાય પરંતુ વધારાના આ ૨૩ શિક્ષકોનો પગાર હાલ કેવી રીતે અને કયા હેડમાં ચૂકવાય છે તે નવાઈની વાત છે. આ કરોડો રૂપિયાનો વ્યવસ્થિત આયોજનથી કરેલો ભ્રષ્ટાચાર છે. ૧૪ વર્ષોથી સળંગ ચાલતો આ ભ્રષ્ટાચાર છે. ૧૪ વર્ષથી જનતાના પૈસા ગેરરીતીઓ પાછળ વેડફતી આ ભાજપ સરકાર છે. બેરોજગારો, યુવાધનને ૩૦ વર્ષથી અન્યાય કરતી આ ભ્રષ્ટ ભાજપ સરકાર છે.

વર્ષ ૨૦૦૮માં સ્પોર્ટ્સના માર્ક્સ મેરિટમાં ગણવાનો ઠરાવ આવ્યો હતો. છેલ્લા ૧૩ વર્ષથી 'ખેલો ઈન્ડિયા'' રમશે ગુજરાત અને જીતશે 'ગુજરાતના રૂપાળા સ્લોગનથી ગુજરાતમાં કરોડો રૂપિયા વપરાય છે. ખેલો ઈન્ડિયા હેઠળ મોદી સરકારે દેશમાં સેથી વધારે બજેટ ગુજરાતને ૫૯૩ કરોડનું ફાળવ્યું છે પણ ગુજરાત કબડ્ડી એસોસિયેશન નામની સંસ્થાએ આ સ્થિતિનો ફાયદો ઉઠાવી ઉમેદવારોને સર્ટીફીકેટ આપ્યા હતા. આ ગુજરાત કબડ્ડી એસોસિયેશનના સર્ટિફિકેટ ધરાવતા ૮૪ શિક્ષકોની જાણ થતાં તેમની ચકાસણી કરવામાં આવી અને સર્ટિફિકેટ બોગસ નીકળ્યા, જેથી જામનગર શિક્ષણ પ્રશાસને તેઓને છૂટા કર્યા. તે જ પ્રમાણે વડોદરામાં ૩૩ જેટલા શિક્ષકોને છૂટા કર્યા. પરંતુ, આ જ સંસ્થા, ગુજરાત કબડ્ડી એસોસિયેશનના સર્ટિફિકેટ ધરાવતા ૩૨ સરકારી શિક્ષકો હાલમાં ખેડા જિલ્લામાં નોકરી કરી પગાર લઈ રહ્યાં છે.

વર્ષ ૨૦૦૮માં આ જ રીતે ૨૫૭ જાહેર કરેલ જગ્યા પર વધારાના ૬૪ ઉમેદવારો લેવામાં આવ્યા હતા. જાહેર કરેલ પરિપત્રમાં ઉલ્લેખ હતો કે, જાહેરાતમાં દર્શાવેલ જગ્યા કરતાં એક પણ જગ્યા ભરવી નહિ જો ભરશે તો તે જવાબદારી પ્રાથમિક શિક્ષણ અધિકારીની રહેશે.

ભૂતકાળમાં ઈડર અને ખેડબ્રહ્મામાં આ જ પ્રમાણે ભરતી કેભાંડ ઉજાગર થતાં તે વખતના ડીઈઓ, ક્લાર્ક, ૨૦ જેટલા શિક્ષકો, શાળા સંચાલકો પર એફઆઈઆર કરવામાં આવી હતી અને તેમની પાસે પગારથી ત્રણ ગણી વસુલાત કરવામાં આવી હતી. તે જ રીતે ભૂતકાળમાં ખોટા વિકલાંગતાના સર્ટિફિકેટ રજૂ કરાયેલ ૨૧ ઉમેદવારોને ભરતીમાંથી રૂખસત કર્યા હતા અને એફઆઈઆર પણ કરવામાં આવી હતી. અહીં અગત્યની વાત એ છે કે, જે લોકો પસંદગી સમિતિમાં હતા તેમના જ બાળકોને ખોટા સર્ટિફિકેટ રજૂ કરી નોકરીમાં લાવવાનો કારસો ઘડવામાં આવ્યો અને આજે પણ તેઓ ફરજ પર છે, પગાર મેળવી રહ્યાં છે.

જયારે પશ્ચિમ બંગાળ અને હરિયાણામાં આ પ્રકારના શિક્ષક ભરતી કૌભાંડ થયા હતા ત્યારે સી.બી.આઈ દ્વારા તપાસ કરવામાં આવી હતી અને દોષિતો અત્યારે પણ જેલમાં છે. ૨૦૦૮ના વડોદરાના તપાસ રિપોર્ટમાં જણાવવામાં આવ્યું હતું કે આ કેભાંડ મોટું હોવાથી તેની તપાસ ક્રાઈમ બ્રાન્ચ દ્વારા કરવી જોઈએ. પરંતુ, આજ સુધી તે શક્ય બન્યું નથી. આ સિવાય અમરેલી, રાજકોટ, ભાવનગરમાં જિલ્લા સહિત અન્ય જિલ્લાઓમાં પણ આ પ્રકારના કેભાંડની શક્યતા છે.

આમ, માત્ર એક જ જિલ્લામાં (ખેડા) જાહેરાત થયેલ ભરતી અને મહેકમ કરતાં ૮૭ શિક્ષકોની ભરતી વધારાની, ભ્રષ્ટાચાર દ્વારા કરીને ખરેખરમાં સાચા મહેનત કરીને મેરિટમાં આવેલ યુવાનોને અન્યાય થયેલ છે તથા સરકારી ખજાનાને કરોડો રૂપિયાનું નુકશાન થયેલ છે.

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ માંગ કરે છે કે, આ કેભાંડની સી.બી.આઈ દ્વારા સઘન તપાસ થવી જોઈએ, સમગ્ર ગુજરાતની ૨૦૧૦થી થયેલ શૈક્ષણિક ભરતીઓની તપાસ કરી તેઓએ રજૂ કરેલ સર્ટીફિકેટની ચકાસણી કરાવીને દોષિતોને કડકમાં કડક સજા થવી જોઈએ અને જે લોકો બોગસ – નકલી સર્ટિફિકેટ સાથે નોકરીમાં જોડાયા છે તેમને સત્વરે ઘરે બેસાડવા જોઈએ. સાથે જ, જે સંસ્થાઓ – વ્યક્તિઓએ આ બનાવટી કાંડમાં મદદ કરી છે તેઓને પણ કડક સજા કરવી જોઈએ અને બેરોજગારને ન્યાય આપી જલ્દીથી ખાલી થયેલા મહેકમ ભરવા જોઈએ.


૭૮માં સ્વાતંત્ર્ય દિન
નિમિત્તે
હાર્દિક શુભકામનાઓ...
: શુભેચ્છક :
શ્રી જે.આર.વાળા
એડવોકેટશ્રી,
સેક્રેટરીશ્રી, બાર એસોસિએશન
અમરેલી


શ્રીમતી શાંતાબેન હરિભાઈ ગજેરા ચેરીટેબલ ટ્રસ્ટ સુરત સંચાલીત
શાંતાબા મેડીકલ કોલેજ અને જનરલ હોસ્પિટલ
જનરલ હોસ્પિટલ કેમ્પસ, એસ.ટી.બસ સ્ટેન્ડ પાછળ, અમરેલી.
Laxmi Diamond
૧૫ ઓગસ્ટ, ૨૦૨૪
૭૮માં સ્વાતંત્રતા દિવસની હાર્દિક શુભેચ્છા
માન.શ્રી વસંતભાઈ ગજેરા
(ચેરમેનશ્રી)


૭૮માં સ્વાતંત્ર્ય દિન
નિમિત્તે
હાર્દિક શુભકામનાઓ
15 August
स्वतंत्रता दिवस
शुभेच्छक
શ્રી ભરતભાઈ
સુતરીયા
૧૪-અમરેલી લોકસભાનાં
સાંસદશ્રી


૭૮માં સ્વાતંત્ર્ય દિન
નિમિત્તે
હાર્દિક શુભકામનાઓ
15 AUGUST
શુભેચ્છક
શ્રી અનિલ વેકરીયા
ચેરમેનશ્રી
શ્રી સૌરાષ્ટ્ર નાગરિક શરાફી સહકારી મંડળી લી. બગસરા


શ્રી અમરેલી જીલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લી.
અમર ડેરી
અમરેલી દ્વારા
Amul
૭૮ માં
સ્વતંત્રતા દિવસ પર્વની ઉજવણી
તા. ૧૫-૦૮-૨૦૨૪, ગુરૂવાર,
સવારે ૯:૩૦ કલાકે
સ્થળ : નવો ડેરી પ્લાન્ટ
શ્રી પરશોતમભાઈ રૂપાલા
પુર્વ કેબીનેટ મંત્રીશ્રી, સાસંદશ્રી - રાજકોટ
સંસ્થાના પ્રેરણાસ્ત્રોત, સ્થાપક ડાયરેક્ટરશ્રી
શ્રી દિલીપભાઈ સંઘાણી
ચેરમેનશ્રી 'ઈફકો'
શ્વેતક્રાંતિના જનક, સ્થાપક ચેરમેનશ્રી
શ્રી અશ્વિન સાવલીયા
ચેરમેનશ્રી
શ્રી મુકેશ સંઘાણી
વાઈસ ચેરમેનશ્રી
ડો. આર. એસ. પટેલ
મેનેજીંગ ડિરેક્ટર
: બોર્ડ ઓફ ડિરેક્ટરશ્રીઓ :
શ્રી માવજીભાઈ ગોલ
શ્રી ચંદુભાઈ રામાણી
શ્રી ઠાકરશીભાઈ શીયાણી
શ્રી કમલેશભાઈ સંઘાણી
શ્રી રેખાબેન કાકડીયા
શ્રી અરૂણભાઈ પટેલ
શ્રી રાજેશભાઈ માંગરોળીયા
શ્રી જયાબેન રામાણી
શ્રી ભાનુબેન બુહા
શ્રી ભાવનાબેન ગોંડલીયા
શ્રી અરૂણાબેન માલાણી
શ્રી એ.કે. ત્રિપાઠી
શ્રી રામજીભાઈ કાપડીયા
શ્રી કંચનબેન ગઢીયા
શ્રી ભાવનાબેન સતાસીયા
અમરેલી જીલ્લા સહકારી દુધ ઉત્પાદક સંઘ લી. "અમર ડેરી"


૭૮માં સ્વાતંત્ર્ય દિન
નિમિત્તે
હાર્દિક શુભકામનાઓ...
15TH AUGUST
HAPPY
INDEPENDENCE DAY
શુભેચ્છક
શ્રી પ્રતાપ દુધાત
પૂર્વ ધારાસભ્ય
પ્રમુખશ્રી :
અમરેલી જિલ્લા કોંગ્રેસ સમિતી
તેમજ અમરેલી જિલ્લા કોંગ્રેસ પરિવાર-અમરેલી


૭૮માં સ્વાતંત્ર્ય દિન
નિમિત્તે
હાર્દિક શુભકામનાઓ...
इस देश के गौरव के खातिर,
चल कुछ ऐसा काम करें,
दुनिया देखे इसकी शान,
और दुनिया वाले सलाम करें।
15 अगस्त यानी आज़ादी की शुभ
कामनाएँ।
શ્રી મેહુલભાઈ ત્રિવેદી
પ્રમુખ
શ્રી પ્રતિકભાઈ નાકરાણી
ઉપપ્રમુખ
શ્રી અશોકભાઈ ચૌહાણ
કારોબારી ચેરમેન
:: ચીફ ઓફિસરશ્રી બોરડ ::
તથા તમામ ચેરમેનશ્રીઓ તેમજ સદસ્યશ્રીઓ
તથા તમામ કર્મચારીગણ...
સાવરકુંડલા નગરપાલિકા
:: સાવરકુંડલા ::

# ચલાલા ખાતે ઘરે–ઘરે તિરંગાનુ વિતરણ કરવામાં આવ્યું



ચલાલામાં ધારાસભ્ય જે.વી. કાકડીયાના માર્ગદર્શન નીચે અને તેની ઉપસ્થિતિમાં નગરપાલિકા તંત્ર દ્વારા વિશાળ તીરંગા યાત્રાનું આયોજન કરેલ હતુ. ચલાલા ના રાજમાર્ગ પર ' ભારત માતા કી જય' 'વંદેમાતરમ' ના ગગન ચુંબીનારા સાથે તીરંગા યાત્રા ફરી રાષ્ટ્ર પ્રેમનું વાતાવરણ ઉજાગર કર્યુ હતુ. આ તીરંગા યાત્રામાં ધારાસભ્ય જે.વી.કાકડીયા, સંતો– મંહતો, રાજકીય આગેવાનો, નગરપાલીકા કર્મચારીઓ, ચલાલા પીએસઆઈ તથા પોલીસ સ્ટાફ, હોમગાર્ડ સ્ટાફ, સામાજીક આગેવાનો, શહેરની તમામ શાળાના વિદ્યાર્થીઓ ગાયત્રી વિદ્યાલય સહિત તમામ શાળા નો શૈક્ષણિક સ્ટાફ, તથા મોટી સંખ્યામાં રાષ્ટ્રપ્રેમી લોકો તીરંગા યાત્રામાં જોડાઈ રાષ્ટ્ર પ્રત્યેનો પ્રેમ અદા કર્યો હતો. ત્યારબાદ શહેરના જુદા જુદા વિસ્તારો મા ભારતીય જનતા પાર્ટીના આગેવાનો અને કાર્યકર્તાઓ એ 'હર ઘર તીરંગા' નુ વિતરણ કરેલ હતુ. ત્યારે વોડ નં. ૪ મા નગરપાલિકાના પુર્વ પ્રમુખ ગીતાબેન કારીયા, તેમજ પુર્વ સદસ્ય અને શહેર ભાજપના વરિષ્ઠ આગેવાન પ્રકાશભાઈ કારીયા એ ઘરે–ઘરે જઈ તીરંગાનુ વિતરણ કરતા. લોકો એ હર્ષભેર તીરંગા ધ્વજ લઈ હોંશે..હોંશે પોતાના ઘર પર ની અગાશીમાં તીરંગા ધ્વજ ફરકાવી તીરંગા ધ્વજ સાથે પોતાના મોબાઈલ મા સેલ્ફી ફોટો પાડી ગૌરવ અનુભવ્યો હતો. અને ચલાલાના નગરજનો પોતાના ટુ વ્હીલ અને ફોર વ્હીલમાં રાષ્ટ્ર ધ્વજ લગાડેલા મોટી સંખ્યામાં જોવા મળી રહ્યા છે.

## અમરેલી જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી દ્વારા ''તિરંગા મેળા''નું આયોજન



અમરેલી, તા. ૧૪

૭૮માં સ્વાતંત્રય પર્વની ઉજવણી અન્વયે અમરેલી જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી દ્વારા 'તિરંગા મેળા'નું આયોજન કરવામાં આવ્યું હતું. ગ્રામ્ય વિસ્તારમાં કાર્યરત મહિલા સ્વ સહાય જૂથો દ્વારા ઉત્પાદિત ચીજવસ્તુઓને માર્કેટ મળે, મહિલાઓને આર્થિક ઉપાર્જન અને આર્થિક વૃદ્ધિથી આર્થિક સમૃદ્ધિ માટે પ્રોત્સાહન મળે તે હેતુથી જિલ્લા કક્ષાએ 'તિરંગા મેળો' યોજવામાં આવ્યો હતો. ૧૪ ઓગસ્ટ સુધી યોજાયેલા આ મેળામાં ગ્રામ્ય વિસ્તારમાં કાર્યરત મહિલાઓને સ્વ સહાય જૂથો દ્વારા ઉત્પાદિત ચીજ વસ્તુઓનું વેચાણ કરવાની તક મળી હતી.

## ગળકોટડીમાં એક પેડ મા કે નામ કાર્યક્રમ અંતર્ગત વૃક્ષારોપણ કરાયું



તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

બાબરા, તા. ૧૪

બાબરા તાલુકાના ગલકોટરી ગામે એક પેડ માં કે નામ અંતર્ગત અહીં ગામના સ્મશાનમાં વૃક્ષારોપણ કાર્યક્રમ સરપંચ વાસુરભાઈ ચૌહાણના અધ્યક્ષ સ્થાને યોજાયો હતો જેમાં શાળાના આચાર્ય દીપકભાઈ દવે, તાલુકા ભાજપ ઉપ પ્રમુખ કિરીટભાઈ બગડા, તાલુકા પંચાયતના સભ્ય વિઠલભાઈ ખાખરીયા, ગ્રામ પંચાયત સરપંચ વિપુલભાઈ કાચેલા ઉપસ્થિત રહ્યા હતા.

એક પેડ માં કે નામ કાર્યક્રમ ગળકોટડી સ્મશાનમાં આયોજન વૃક્ષારોપણ કાર્યક્રમમાં વિવિધ જાતના આશરે ૧૦૦ થી વધુ વૃક્ષોનું વૃક્ષારોપણ કરી જતન અને ઉછેર કરવાનો સંકલ્પ કરવામાં આવ્યો હતો.

### શહેરનાં વેપારીઓ દેશભકિતનાં રંગે રંગાયા

## અમરેલીમાં ડિસ્ટ્રીકટ ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા વેપારીઓને તિરંગા અર્પણ કરાયા

### પ્રમુખ ચતુરભાઈ કાર્યકારી પમુખ હરેશભાઈ પણ જોડાયા



અમરેલી, તા. ૧૪

અમરેલી ડિસ્ટ્રીકટ ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા ડો.યુવરાજ મહેતા ચોક, ઈન્દિરા શો. સેન્ટર, ટાવર ચોક સહિતનાં વેપારીઓને તિરંગાનું વિતરણ કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે ડિસ્ટ્રીકટ પ્રમુખ ચતુરભાઈ અકબરી, કાર્યકારી પ્રમુખ હરેશ સાહરાણી, મહામંત્રી હિતેશભાઈ ભુવા, હરેશભાઈ રાડ, યોગેશભાઈ કોરેચા, રમેશભાઈ સહિતનાં આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

## ચલાલામાં દાનમહારાજની જગ્યામાં પૂજય વલકુબાપ દ્વારા બ્રહ્મ ચોર્યાસી યોજાઈ



ચલાલા, તા. ૧૪

ચલાલાની પવિત્ર દેહાણ જગ્યા ગુરૂગાદી પૂજય દાનમહારાજની જગ્યામાં વિજ્ઞવાન મહંત મહારામ પૂજય વલકુબાપુ, લઘુમહંત પૂજય મહાવીરબાપુ તેમજ બાળઠાકર શ્રી પ્રયાગરાજભાઈ દ્વારા પવિત્ર શ્રાવણમાસના સોમવારના દિન સમસ્ત ચલાલા–મીઠાપુર(ડુંગરી)ના બ્રહ્મચોર્યાસીનું ભવ્ય અને દિવ્ય આયોજન કરવામાં આવેલ હતુ. દાનબાપુની જગ્યામાં પુજય વલકુબાપુ પરીવાર દ્વારા આયોજીત બ્રહ્મચોર્યાસીમાં આ જે ભુદેવો મોટી સંખ્યામાં હર હર મહાદેવના ના નાદ સાથે પર્ધાયા હતા. ઉપસ્થિત તમામ ભુદેવોને મહંત મહારાજ પુજય વલકુબાપુ પરીવાર દ્વારા ખુબ ભાવ થી હોંસે હોંસે ભોજન પ્રસાદ લેવડાવયો હતો. ઉપસ્થિત તમામ ભુદેવોને ખુશી ભેટ અર્પણ કરી પુજય વલકુબાપુ પરીવારે ભુદેવોના આર્શીવાદ મેળવ્યા હતા. ભોજન પ્રસાદ પરેલા બ્રહ્મ સમાજ દ્વારા મહંત મહારાજ પુજય વલકુબાપુ, લઘુમહંત પુજય મહાવીરબાપુ, બાળઠાકર, પુજયશ્રી પ્રયાગરાજભાઈ, પુજય ભાયાબાપુ, પુજય પ્રતાપભાઈ બાપુ સહીતના ભગત પરીવારનું ફુલહાર, શાલ થી હર હર મહાદેવના નાદ સાથે ભાવ થી સન્માન કરવામાં આવ્યુ હતુ ત્યારબાદ પુજય વલકુબાપુ પરીવાર દ્વારા જાણીતા કથાકાર ખોડાદાદા શાસ્ત્રી ગાયત્રી સંસ્કારધામના સેવાભાવી ડો. રતીદાદા મહેતા સાંઈનાથ મંદિરના સેવાભાવી રાજુદાદા જાની, બ્રહ્મસમાજના પ્રમુખ લલીતભાઈ મહેતા તથા ટ્રસ્ટી મંડળ ના મંત્રી જીતુભાઈ પંચોલી સહીત વરીષ્ઠ બ્રહ્મસમાજના આગેવાનોનું ફુલહાર અને ખેસ થી સન્માનિત કર્યા હતા. આ કાર્યક્રમને સફળ બનાવવા ખોડીદાસ દાદા શાસ્ત્રીના માર્ગદર્શન નીચે ટ્રસ્ટી મંડળના સભ્યોએ ભારે જહેમત ઉઠાવી હતી. આ તકે સમસ્ત ભુદેવોએ પોતાનો રાજીપો વ્યકત કર્યો હતો તેમ પ્રકાશભાઈ કારીયાની યાદીમાં જણાવેલ હતું.

## આજે અમરેલી જિલ્લા અદાલતમાં સ્વાતંત્ર પર્વ ઉજવણી કાર્યક્રમ યોજાશે

અમરેલી, તા. ૧૪

૧૫ ઓગસ્ટ, ૨૦૨૪ને ગુરૂવારના રોજ સવારે ૧૦ વાગ્યે અમરેલી જિલ્લા અદાલતના કંપાઉન્ડમાં સ્વાતંત્ર પર્વની ઉજવણીનો કાર્યક્રમ યોજાશે. જિલ્લાની તમામ અદાલતના ન્યાયાધીશઓ, ન્યાયાલયમાં ફરજ બજાવતા કર્મયોગીઓ, વકીલો ઉપસ્થિત રહી આ કાર્યક્રમમાં જોડાશે. મુખ્ય જિલ્લા ન્યાયાધીશના વરદ હસ્તે ધ્વજ આરોહણ થશે, તેમ અમરેલી જિલ્લા અદાલતના રજિસ્ટ્રારએ એક યાદીમાં જણાવ્યું છે.




### જિલ્લામાં કુલ ૦૩ વિદ્યાર્થીઓએ ટોપ થ્રીમાં સ્થાન મેળવ્યુ

## અમરેલી : શાળાકિય બેડમિન્ટન સ્પર્ધામાં નિત્યમ વિદ્યાસંકુલનો દબદબો

### રાજય કક્ષાએ વિદ્યાર્થીઓ જિલ્લાનું પ્રતિનિધિત્વ કરશે



અમરેલી, તા. ૧૪

તાજેતરમાં વિદ્યાસભા સ્કુલ ખાતે યોજાયેલ જિલ્લા કક્ષાની એસ.જી.એફ.આઈ શાળાકિય બેડમિન્ટન સ્પર્ધામાં નિત્યમ વિદ્યાસંકુલના વિદ્યાર્થીઓને ઉત્કૃષ્ઠ દેખાવ.

નિત્યમ વિદ્યાસંકુલના કુલ ૦૩ જેટલા વિદ્યાર્થીઓ ટોપ થ્રીમાં સ્થાન મેળવી જિલ્લા ચેમ્પિયનશીપ મેળવવામાં સફળ રહ્યા છે. જેમાં અંડર–૧૯માં પહેલા ક્રમે સાવલીયા રેણુ, અંડર–૧૯માં પહેલા ક્રમે લાડોલા ખુશી, અંડર–૧૭માં બીજાક્રમે રાખોલીયા મિત, જયારે અંડર–૧૭માં ત્રીજા ક્રમે કટેસીયા દર્શના અને અંડર–૧૯માં ગજેરા હર્ષિલ રહ્યા હતા.

આ તકે સંસ્થાના ફાઉન્ડર ચેરમેન હસમુખ પટેલ તથા કોચ હાર્દિકભાઈ ત્રિવેદીએ ટ્રસ્ટી હરેશભાઈ દેસાઈ, જીજ્ઞેશભાઈ કપાડા, પ્રવિણભાઈ વસરા, ભાવેશભાઈ ગજેરા, મગનભાઈ વસોયાએ તમામ વિદ્યાર્થીઓએ અભિનંદન પાઠવ્યા હતા.

# ચલાલામાં ગાયત્રી પરિવાર દ્વારા ર૬૯મો નેત્રયજ્ઞ, દંતયજ્ઞ તથા સર્વરોગ કેમ્પ યોજાયો



અવિરત સેવાકાર્યો કરનાર યુગ નિર્માણ ગાયત્રી પરિવાર ટ્રસ્ટ ચલાલા દ્વારા તાજેતરમાં ૨૬૯ મો વિનામૂલ્યે નેત્રયજ્ઞ, દંતયજ્ઞ તથા સર્વરોગ કેમ્પ યોજાયો હતો. જેમાં રણછોડદાસજીબાપુ ચેરીટેબલ હોસ્પિટલ, જીલ્લા અંધત્વ નિવારણ સમિતિ અમરેલી, નિયામક આયુષ–ગાંધીનગર તથા આયુર્વેદ શાખા જીલ્લા પંચાયત અમરેલી તથા સરકારી આયુર્વેદ દવાખાનું–સરસીયા તથા સરકારી હોમીયોપેથી દવાખાનું–જાળિયાના સંયુકત ઉપક્રમે યોજાનાર આ કેમ્પમાં નિષ્ણાંત ડોકટરોની ટીમે સેવા આપી હતી. આ કેમ્પનો શુભારંભ મંગલ દિપ પ્રાગટયથી થયો હતો આ પ્રસંગે સંસ્થાના વડા પુ. ડો. રતિદાદા તથા ડોકટરો દ્વારા દિપ પ્રાગટય કરવામાં આવ્યું હતું. પુ. ડો. રતિદાદાએ બધાને સારૂ થઈ જાય પછી બીજાનું ભલુ કરવું તેવી ભગવાનને પ્રાર્થના કરી હતી સાથે વ્યસન મુકત રહેવું, સત્યનું પાલન કરવું અને બધા સાથે હળી મળીને રહેવું. પી. એમ. તરફથી–૧ના આર્થીક સહયોગથી રણછોડદાસજી બાપુ ચેરીટેબલ હોસ્પિટલ–રાજકોટ અને જિલ્લા અંધત્વ નિવારણ સમિતિ અમરેલીના સહયોગથી આ નેત્રયજ્ઞમાં આંખના દર્દીઓની ચકાસણી ડો. રાઠોડે કરી હતી. જે પૈકી ૪૨ દર્દીઓને રણછોડદાસ બાપુ ચેરીટેબલ હોસ્પિટલ ખાતે લઈ જઈ અને ફેકોમશીન દ્વારા ઓપરેશન કરી નેત્રમણી પણ વિનામૂલ્યે બેસાડવામાં આવી હતી. દંતયજ્ઞમાં ડો. અવનીબેન દ્વારા અનેક દર્દીઓને દાંત કાઢી ચાંદી પણ વિનામૂલ્યે પૂરી આપવામાં આવી. આયુર્વેદિક કેમ્પમાં ડો. આરતીબેન તથા ડો. પ્રકાશભાઈએ બધા દર્દીઓને તપાસ કરી દવા પણ વિનામૂલ્યે આપવામાં આવી હતી. દીકરીઓ માટે હરિબા મહિલા આર્ટસ, કોમર્સ, બી.સી.એ. કોલેજ ચાલુ છે જેનું પ્રવેશ કાર્ય શરૂ છે. આ કાર્યક્રમને સફળ બનાવવા ભારત ભૂષણ મહેશભાઈ, સેવા અને જાહેર સુખાકારી શ્રેત્રે એવોર્ડ વિજેતા મંજુબા તથા શીતલબેન વગેરે ખુબ જહેમત ઉઠાવી હતી.

# રેલ્વેએ દેશની સેમી હાઈ સ્પીડ વંદે ભારતની ૧૦૦ ટ્રેનોના ઓર્ડર રદ કર્યા

### વંદે ભારત યોજનાને મોટો ફટકો પડ્યો છે

નવી દિલ્હી, તા.૧૪

વંદે ભારત ટ્રેનની ઘણી સેમી-હાઈ સ્પીડ ટ્રેન દેશના ઘણા ભાગોમાં દોડી રહી છે. પરંતુ દેશના તમામ લાંબા રૂટ પર વંદે ભારત ટ્રેન ચલાવવાની યોજનાને મોટો ફટકો પડ્યો છે. વાસ્તવમાં સરકારે વંદે ભારત એક્સપ્રેસ ટ્રેનો બનાવવાનો ૩૦ હજાર કરોડ રૂપિયાનો કોન્ટ્રાક્ટ રદ કરી દીધો છે. આ યોજના હેઠળ ૧૦૦ વંદે ભારત ટ્રેનો બનાવવાનું લક્ષ્ય રાખવામાં આવ્યું હતું. પરંતુ, ટેન્ડર પૂર્ણ થાય તે પહેલા જ ભારતીય રેલ્વેએ આ કોન્ટ્રાક્ટ રદ કરી દીધો છે. આવી સ્થિતિમાં યોજનાને પૂર્ણ કરવાની ગતિને બ્રેક લાગી છે.

રેલવેએ આ ટેન્ડર રદ કરતા વંદે ભારત યોજનાને મોટો ફટકો પડ્યો છે. રેલવેએ ૩૦ હજાર કરોડ રૂપિયામાં ૧૦૦ વંદે ભારત ટ્રેન બનાવવાનો કોન્ટ્રાક્ટ લીધો હતો. આ માટે ઘણી કંપનીઓએ દાવા સબમિટ કર્યા હતા અને ફ્રેન્ચ કંપની અલ્સ્ટોમ ઈન્ડિયા સાથે વાતચીત અંતિમ તબક્કામાં પહોંચી હતી. બાદમાં બંને વચ્ચે પૈસાને લઈને કોઈ સમજૂતી થઈ ન હતી અને રેલવેએ હાલમાં આ ટેન્ડર પાછું ખેંચી લીધું છે.

વંદે ભારત બનાવવા માટે ટેન્ડરની વાટાઘાટો કરનાર કંપની અલસ્ટોમ ઈન્ડિયાના એમડી ઓલિવર લેવિસને મનીકંટ્રોલને જણાવ્યું હતું કે ટેન્ડરમાં ઓફર કરાયેલા નાણાંમાં સમસ્યા હતી. એલ્યુમિનિયમ બોડીવાળી વંદે ભારત ટ્રેન બનાવવાની વાત ચાલી રહી હતી, પરંતુ ભારતીય રેલવેએ તેનું ટેન્ડર રદ કરી દીધું હતું. અમે ભવિષ્યમાં આ કિંમત ઘટાડવાનું વિચારી શક્યા હોત, પરંતુ રેલવેએ જ ટેન્ડર રદ કરી દીધું હતું.

રેલવે અધિકારીઓનું કહેવું છે કે ફ્રેન્ચ પક્ષે ટેન્ડર કિંમત માટે ૧૫૦.૯ કરોડ રૂપિયા પ્રતિ ટનની માંગણી કરી હતી. આ ખૂબ જ ઊંચી કિંમત હતી અને અમે તેને ૧૪૦ કરોડ રૂપિયા સુધી લાવવાની વાત કરી હતી. જોકે, રેલવેના દબાણ હેઠળ અલ્સ્ટોમે રૂ. ૧૪૫ કરોડમાં ડીલ ફાઈનલ કરવાની વાત પણ કરી હતી. કંપનીએ તેને ૩૦ હજાર કરોડ રૂપિયામાં સમાપ્ત કરવાની વાત કરી હતી અને તે જ કિંમતે ૧૦૦ વંદે ભારત રેક્સ બનાવવાનું વચન આપ્યું હતું. આ પહેલા વંદે ભારત સ્લીપર ટ્રેનના દરેક વેગનને ૧૨૦ કરોડ રૂપિયામાં બનાવવાનું ટેન્ડર પણ ફાઈનલ થઈ ગયું છે.

રેલવે અધિકારીએ જણાવ્યું હતું કે આ ટેન્ડર રદ થવાથી રેલવેને તેની કિંમત નક્કી કરવામાં મદદ મળશે. ઉપરાંત, બિડ કરતી કંપનીઓને તેમના પ્રોજેક્ટ્સ અને ઓફર્સને સમજવાની તક મળશે. આગામી વખતે અમે વધુ કંપનીઓને પણ ટેન્ડરમાં સામેલ કરીશું, જેથી સ્પર્ધા વધશે તો ખર્ચમાં ઘટાડો થશે. આ વખતે માત્ર બે બિડરોએ ભાગ લીધો હતો. ટેન્ડર હેઠળ રેકની ડિલિવરી પર ૧૩ હજાર કરોડ રૂપિયા આપવાના હતા અને આગામી ૩૫ વર્ષમાં તેની જાળવણી માટે ૧૭ હજાર કરોડ રૂપિયા આપવામાં આવશે.

---

### એરપોર્ટ, રેલવે સ્ટેશન, બસ સ્ટેશન પર વધારી સુરક્ષા

# દિલ્હીમાં સુરક્ષા વ્યવસ્થા ખૂબ જ કડક કરવામાં આવી

### AI કેમેરાથી લોકો પર રખાશે નજર, લાલ કિલ્લા પર સીસીટીવી કેમેરા સિવાય ૧૦ હજાર સુરક્ષાકર્મીઓ તૈનાત

નવી દિલ્હી, તા.૧૪

દેશભરમાં હાલમાં સ્વતંત્રતા દિવસની તૈયારીઓ ચાલી રહી છે. ગુરુવારે (૧૫ ઓગસ્ટ) ભારતને આઝાદી મળ્યાને ૭૭ વર્ષ પૂરા થશે. દિલ્હીમાં સુરક્ષા ખૂબ જ કડક કરવામાં આવી છે. વિવિધ સ્થળોએ પોલીસ બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો છે અને આવતા-જતા દરેક વ્યક્તિ પર નજર રાખવામાં આવી રહી છે. દિલ્હી પોલીસે સ્વતંત્રતા દિવસની ઉજવણી પહેલા લાલ કિલ્લાની આસપાસ નજર રાખવા માટે ૭૦૦ આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI) આધારિત ચહેરાની ઓળખાણ સીસીટીવી કેમેરા ખરીદ્યા છે. દિલ્હી પોલીસ લાલ કિલ્લાની મજબૂત સુરક્ષા વ્યવસ્થા સુનિશ્ચિત કરવામાં કોઈ કસર છોડવા માંગતી નથી. વડાપ્રધાન નરેન્દ્ર મોદી ગુરુવારે અહીંથી સતત ૧૧મી વખત રાષ્ટ્રને સંબોધન કરવા જઈ રહ્યાં છે. આ જ કારણ છે કે લાલ કિલ્લા પર સીસીટીવી કેમેરા સિવાય ૧૦ હજાર સુરક્ષાકર્મીઓ તૈનાત કરવામાં આવશે. એક વરિષ્ઠ અધિકારીએ જણાવ્યું હતું કે વડાપ્રધાન અને અન્ય મહાનુભાવોની સુરક્ષા માટે એલિટ સ્વાટ કમાન્ડો તેમજ શાર્પશૂટર્સને સ્ટ્રેટેજિક લૉકેશન પર તૈનાત કરવામાં આવશે.

પોલીસે કહ્યું છે કે છેં-આધારિત CCTV કેમેરામાં હાઈ-રિઝૉલ્યૂશન પેન-ટિલ્ટ-ઝૂમ ફિચર્સ હશે, જેના દ્વારા તેઓ દૂરથી કોઈને પણ ઓળખી શકશે. એક અધિકારીએ જણાવ્યું કે પોલીસ લાલ કિલ્લા પરના કાર્યક્રમમાં હાજરી આપવા આવતા લોકોની ઓળખ કરવા માટે સ્માર્ટફોન આધારિત એપ્લિકેશનનો પણ ઉપયોગ કરવા જઈ રહી છે. એકંદરે, લાલ કિલ્લાને એવા વિસ્તારમાં પરિવર્તિત કરવામાં આવશે જ્યાં પક્ષીઓ પણ ફરકી શકશે નહીં.

ઈન્દિરા ગાંધી ઈન્ટરનેશનલ એરપોર્ટ, રેલ્વે સ્ટેશન, બસ સ્ટેન્ડ, મોલ અને માર્કેટમાં અર્ધલશ્કરી દળો સહિત સુરક્ષા જવાનોની વધારાની ટીમો પણ તૈનાત કરવામાં આવી રહી છે. ટ્રાફિકને નિયંત્રિત કરવા માટે લગભગ ૩,૦૦૦ ટ્રાફિક પોલીસ કર્મચારીઓ રાજધાનીના મુખ્ય જંક્શન પર અને લાલ કિલ્લા તરફ જતા રસ્તાઓ પર તૈનાત કરવામાં આવશે. પોલીસે હૉટલ, ગેસ્ટ હાઉસ, પાર્કિંગ લોટ અને રેસ્ટૉરન્ટની આસપાસ પેટ્રોલિંગ પણ સઘન બનાવ્યું છે અને ભાડૂઆતો અને નોકરોની ચકાસણી કરવામાં આવી રહી છે.

---

### મંદિરમાં દરરોજ મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ આવે છે

# તિરૂપતિ બાલાજી મંદિરમમાં ભક્તે ૨૧ કરોડ રૂપિયાનું દાન કર્યું !

### પંજાબના એક ઉદ્યોગપતિએ તિરુમાલા તિરુપતિ દેવસ્થાનમ (TTD) ના એસવી પ્રાણદાન ટ્રસ્ટને ૨૧ કરોડનું દાન આપ્યું છે

તિરૂપતી, તા.૧૪

તિરૂપતિ બાલાજી મંદિરમાં દરરોજ મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ આવે છે. અહીં ભક્તો મોટી સંખ્યામાં દાન કરતાં હોય છે. અત્યારે શ્રાવણના પવિત્ર મહિનામાં ભક્તોની સંખ્યા દિન-પ્રતિદિન વધતી જઈ રહી છે. ખાસ કરીને સપ્તાહના અંતે રવિવારે આ મંદિરમાં ખૂબ જ ભીડ જોવા મળે છે. તિરૂપતિ જતા ભક્તો માટે ઉંડયાલમાં પ્રસાદ ચડાવવાની પ્રથા છે. જેમાં અમુક ભક્ત સાત પર્વતીય હાથીની પ્રાર્થના કરે છે અને અમુક લોકો દાન આપે છે. આ પ્રથાની અનુસાર, પંજાબ એક બિઝનેસમેને તિરૂપતિ બાલાજી મંદિરના પ્રાણદાન ટ્રસ્ટને ૨૧ કરોડ રૂપિયાનું દાન આપ્યું છે.

પંજાબના એક ઉદ્યોગપતિએ તિરુમાલા તિરુપતિ દેવસ્થાનમ (TTD) ના એસવી પ્રાણદાન ટ્રસ્ટને ૨૧ કરોડ રૂપિયાનું દાન આપ્યું છે. આ ટ્રસ્ટ ગરીબોને મફત તબીબી સારવાર પૂરી પાડે છે. SV પ્રણદાન ટ્રસ્ટનો ઉદ્દેશ્ય ગંભીર બીમારીઓથી પીડિત ગરીબ દર્દીઓને મફત જીવનરક્ષક તબીબી સંભાળ પૂરી પાડવાનો છે. "રાજિન્દર ગુપ્તાએ TTDના SV પ્રંદન ટ્રસ્ટને ૨૧ કરોડ રૂપિયાનું દાન આપ્યું છે,"

ટ્રસ્ટે રવિવારે રાત્રે જણાવ્યું હતું. તેમણે તેમના પરિવાર સાથે TTD એડિશનલ એક્ઝિક્યુટિવ ઓફિસર વેંકૈયા ચૌધરીને દાનનો ચેક સોંપ્યો. જીફ પ્રણદન ન્યાસ યોજના TTD સંચાલિત હોસ્પિટલો અને પ્રસૂતિ હોસ્પિટલોમાં ઉપલબ્ધ છે.

થોડા સમય પહેલાં તેઓ પોતાના પરિવારની સાથે તિરૂપતિ હિલ આવ્યા અને દેવસ્થાનનાં એડિશનલ એડમિનિસ્ટ્રેટિવ ઓફિસર વેંકૈયા ચૌધરીની મુલાકાત કરી અને દેવસ્થાનના પ્રાણદાન ફાઉન્ડેશનને ૨૧ કરોડ રૂપિયાનું દાન કર્યું. તેઓએ તિરુપતિમાં દેવસ્થાનની શ્રી વેંકટેશ્વર ઈન્સ્ટિટ્યૂટ ઑફ મેડિકલ સાયન્સ હોસ્પિટલમાં જીવનરક્ષક સર્જરી કરાવી રહેલા લોકોને માટે આ દાન માટે આગ્રહ કર્યો હતો.

---

### સુપ્રીમ કોર્ટેના આપ્યા વચગાળાના જામીન, CBIને પણ નોટિસ

# દિલ્હીના મુખ્યમંત્રી કેજરીવાલને સુપ્રીમ કોર્ટમાંથી રાહત ન મળી

### જસ્ટિસ સૂર્યકાંત અને જસ્ટિસ ઉજ્જલ ભુયાનની ખંડપીઠે સીબીઆઈને નોટિસ ફટકારીને જવાબ માંગ્યો: આ મામલે આગામી સુનાવણી ૨૩ ઓગસ્ટે થશે

નવી દિલ્હી, તા.૧૪

દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલને સુપ્રીમ કોર્ટમાંથી રાહત મળી નથી. બુધવારે (૧૪ ઓગસ્ટ) કેજરીવાલની જામીન અરજી પર સુનાવણી કરતી વખતે સર્વોચ્ચ અદાલતે તેમને વચગાળાના જામીન આપવાનો ઈનકાર કર્યો હતો. વરિષ્ઠ વકીલ અભિષેક મનુ સિંઘવી, જેઓ કેજરીવાલ વતી કોર્ટમાં હાજર થયા હતા, તેમણે સ્વાસ્થ્યના કારણોને ટાંકીને વચગાળાના જામીન માટે વિનંતી કરી હતી. તેના પર કોર્ટે કહ્યું કે અમે કોઈને વચગાળાના જામીન આપી શકીએ નહીં.

વાસ્તવમાં, અરવિંદ કેજરીવાલ દિલ્હી લીકર પૉલીસી કેસમાં સીબીઆઈ દ્વારા તેમની વિરુદ્ધ નોંધાયેલા કેસમાં જામીન માટે સુપ્રીમ કોર્ટ પહોંચ્યા છે. જસ્ટિસ સૂર્યકાંત અને જસ્ટિસ ઉજ્જલ ભુયાનની ખંડપીઠે સીબીઆઈને નૉટિસ ફટકારીને જવાબ માંગ્યો છે. કોર્ટે કહ્યું છે કે આ મામલે આગામી સુનાવણી ૨૩ ઓગસ્ટે થશે. દારૂ નીતિ કેસમાં જ આમ આદમી પાર્ટી (AAP)ના નેતા અને પૂર્વ ડેપ્યુટી સીએમ મનીષ સિસોદિયાને લગભગ ૧૭ મહિના પછી જામીન મળી ગયા છે.

સુનાવણી દરમિયાન અભિષેક મનુ સિંઘવીએ જણાવ્યું કે કેજરીવાલને મની લૉન્ડરિંગ કેસમાં ત્રણ વખત વચગાળાના જામીન મળ્યા છે. તેમને ૧૦ મે અને ૧૨ જુલાઈના રોજ સુપ્રીમ કોર્ટમાંથી વચગાળાના જામીન મળ્યા હતા. તેણે મની લૉન્ડરિંગ કેસમાં ૨૦ જૂને ટ્રાયલ કોર્ટ દ્વારા આપવામાં આવેલા જામીનના આદેશનો પણ ઉલ્લેખ કર્યો હતો. સિંઘવીએ કહ્યું કે દિલ્હી હાઈકોર્ટે ટ્રાયલ કોર્ટના આદેશ પર સ્ટે મૂક્યો છે. તેમણે એવી દલીલ પણ કરી હતી કે જ્યારે કોઈ કડક શરતો ન હોય ત્યારે સીબીઆઈના કેસમાં જામીન કેવી રીતે નકારી શકાય.

અભિષેક મનુ સિંઘવીએ કહ્યું કે સીબીઆઈએ ઈડી કેસમાં વચગાળાના જામીન પહેલા કેજરીવાલની ધરપકડ કરી હતી, તેથી તેઓ હજુ પણ જેલમાં છે. તેને માત્ર વચગાળાના જામીન જોઈએ છે. તેના પર જસ્ટિસ સૂર્યકાન્તે કહ્યું કે, અમે કોઈ પણ પ્રકારના વચગાળાના જામીન નથી આપી રહ્યા. સિંઘવીએ કોર્ટને વિનંતી કરી હતી કે કેજરીવાલ સ્વાસ્થ્ય સમસ્યાઓનો સામનો કરી રહ્યા છે, તેથી આ મામલે જલ્દી સુનાવણી થવી જોઈએ. આ રીતે, સુપ્રીમ કોર્ટે કેસની આગામી સુનાવણી ૨૩ ઓગસ્ટના રોજ લિસ્ટ કરી છે.

સુપ્રીમ કોર્ટ સમક્ષ કેજરીવાલની તાજેતરની અરજી ૫ ઓગસ્ટના દિલ્હી હાઈકોર્ટના આદેશને પડકારે છે, જેમાં ઝૅમ્ની ધરપકડ સામેની તેમની અરજી ફગાવી દેવામાં આવી હતી. હાઈકોર્ટે અરજી ફગાવી દેતા કેજરીવાલને ટ્રાયલ કોર્ટમાં જવા કહ્યું હતું. AAP વડાની ઔપચારિક રીતે CBI દ્વારા ૨૬ જૂન, ૨૦૨૪ ના રોજ ધરપકડ કરવામાં આવી હતી, જ્યારે કેજરીવાલ દિલ્હી લિકર પોલિસી કેસમાં પહેલેથી જ ઈઙ ન્યાયિક કસ્ટડીમાં હતા.

---

### અલ્હાબાદ હાઈકોર્ટની મહત્ત્વપૂર્ણ ટિપ્પણી

# ધાર્મિક સ્વતંત્રતાનો અર્થ ધર્માંતરણ કરવાની સ્વતંત્રતા નથી : કોર્ટ

### કોર્ટે ધર્મ પરિવર્તનના આરોપીની જામીન અરજી ફગાવી

અલ્હાબાદ, તા.૧૪

અલ્હાબાદ હાઈકોર્ટે ધાર્મિક સ્વતંત્રતા અંગે મહત્ત્વપૂર્ણ ટિપ્પણી કરી છે. અલ્હાબાદ હાઈકોર્ટે કહ્યું છે કે, ઉત્તર પ્રદેશ પ્રોહિબિશન ઑફ અનલોફુલ રિલિજિયસ કન્વર્ઝન એક્ટ ૨૦૨૧નો હેતુ તમામ વ્યક્તિઓને ધાર્મિક સ્વતંત્રતાની ખાતરી આપવાનો છે. આ કાયદાનો હેતુ ભારતમાં ધર્મનિરપેક્ષતા(બિનસાંપ્રદાયિકતા)ની ભાવનાને જાળવી રાખવાનો છે. બંધારણ દરેક વ્યક્તિને તેમના ધર્મનું પાલન કરવાનો અને તેનો પ્રચાર કરવાનો મૂળભૂત અધિકાર આપે છે. ધર્મની સ્વતંત્રતાના વ્યક્તિગત અધિકારને ધર્માંતરણના અધિકારમાં બદલી શકાતો નથી. જસ્ટિસ રોહિત રંજન અગ્રવાલે ધર્મ પરિવર્તનના આરોપી અઝીમની જામીન અરજી ફગાવી દેતા આ ટિપ્પણી કરી હતી. અઝીમ વિરુદ્ધ બદાયૂંના કોતવાલી પોલીસ સ્ટેશનમાં છોકરીને બળજબરીથી ઈસ્લામમાં ફેરવવા અને ઉત્તર પ્રદેશના ગેરકાયદેસર ધર્મ પરિવર્તનના કાયદાની વિવિધ કલમો હેઠળ તેનું યૌન શોષણ કરવા બદલ કેસ નોંધવામાં આવ્યો છે. આરોપીઓએ જામીન માટે હાઈકોર્ટમાં અરજી કરી હતી. અરજદારના વકીલે કહ્યું હતું કે, અરજદારને ખોટી રીતે ફસાવવામાં આવ્યો છે. પીડિતાએ સંબંધિત કેસમાં તેના નિવેદનમાં અરજદાર સાથે તેના લગ્નની પુષ્ટિ કરી છે. વધારાના જામીનનો વિરોધ કરતા સરકારી વકીલે કહ્યું કે, પીડિતાએ તેના નિવેદનમાં કહ્યું છે કે તેમના પર ઈસ્લામ સ્વીકારવા માટે દબાણ કરવામાં આવ્યું હતું. કોર્ટે કહ્યું કે, માહિતી આપનારે કલમ ૧૬૪ ઝઈઝ હેઠળ નોંધાયેલા તેના નિવેદનમાં સ્પષ્ટપણે કહ્યું હતું કે અરજદાર અને તેના પરિવારના સભ્યો તેને ઈસ્લામ સ્વીકારવા માટે દબાણ કરી રહ્યા હતા. તેણીને બકરીદના દિવસે પ્રાણીઓનું બલિદાન જોવા અને માંસાહારી ખોરાક રાંધવા તેમજ ખાવા માટે પણ ફરજ પાડવામાં આવી હતી. જે બાદ કોર્ટે જામીન અરજી નામંજૂર કરી હતી.

---

### આતંકવાદીઓ અને સુરક્ષા દળો વચ્ચે ભારે અથડામણ

# ડોડા એન્કાઉન્ટરમાં કેપ્ટન શહીદ, ૪ આતંકવાદી માર્યા ગયાની આશંકા

### રક્ષા મંત્રી રાજનાથ સિંહે જમ્મુ અને કાશ્મીરમાં વધી રહેલી આતંકવાદ સંબંધિત ઘટનાઓ પર બેઠક કરી

જમ્મુ, તા.૧૪

રક્ષા મંત્રી રાજનાથ સિંહે બુધવારે કેન્દ્ર શાસિત પ્રદેશ જમ્મુ અને કાશ્મીરમાં વધી રહેલી આતંકવાદ સંબંધિત ઘટનાઓ પર એક મહત્વપૂર્ણ બેઠક બોલાવી હતી. આ દરમિયાન જમ્મુ-કાશ્મીરના ડોડા જિલ્લામાં આતંકવાદીઓ અને સુરક્ષા દળો વચ્ચે ભારે અથડામણ ચાલી રહી છે.

આ ઓપરેશન દરમિયાન ભારતીય સેનાની ૪૮ રાષ્ટ્રીય રાઈફલ્સના એક કેપ્ટન શહીદ થયા છે. આ જાણકારી સેના દ્વારા આપવામાં આવી છે. સાથે જ અધિકારીઓનું કહેવું છે કે, સુરક્ષા દળોએ ચાર આતંકવાદીને ઠાર માર્યાની વાત છે, પરંતુ તે સંપૂર્ણ તપાસ બાદ સત્તાવાર જાહેર થશે.

સુરક્ષા દળોએ જમ્મુ કાશ્મીરના ડોડા વિસ્તારના શિવગઢ-અસાર બેલ્ટમાં છુપાયેલા આતંકવાદીઓના એક જૂથને ઘેરી લીધું છે. આ સાથે જ વિસ્તારમાં સર્ચ ઓપરેશન પણ ચલાવવામાં આવી રહ્યું છે. ગાઢ જંગલના કારણે જવાનોને આગળ વધવામાં મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે.

મળતી માહિતી મુજબ, એન્કાઉન્ટર દરમિયાન એક નાગરિક પણ ઘાયલ થયો હતો, જેની સારવાર ચાલી રહી છે. જ્યારે, સૈનિકોએ આતંકવાદીઓની એક એમ-૪ રાઈફલ અને ૩ બેગ મળી આવી છે. આ એન્કાઉન્ટર ગઈ કાલે પટનીટોપને અડીને આવેલા જંગલ વિસ્તારમાં શરૂ થયું હતું. ભારતીય સેનાએ આ ઓપરેશનને ઓપરેશન અસાર નામ આપ્યું છે.

એક અધિકારીએ જણાવ્યું કે, આતંકવાદીઓ જંગલમાં એક નદી પાસે છુપાયેલા છે. સુરક્ષાદળો અને આતંકવાદીઓ વચ્ચે સમયાંતરે ગોળીબાર થઈ રહ્યો છે. સૈનિકોએ રાત્રિ દરમિયાન પણ તેમની સ્થિતિ જાળવી રાખી હતી. દિવસનો પ્રકાશ પડતાં જ ફરી, આતંકવાદીઓની શોધખોળ શરૂ કરવામાં આવી હતી. આજે સવારે ૭.૩૦ વાગ્યાની આસપાસ ફરીથી સામસામે ગોળીબાર શરૂ થયો હતો. જમ્મુ-કાશ્મીરની સુરક્ષાને લઈને દિલ્હીમાં યોજાયેલી ઉચ્ચ સ્તરીય બેઠકમાં સંરક્ષણ સચિવ ગિરધર અરમાને, રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર અજીત ડોભાલ, આર્મી ચીફ જનરલ ઉપેન્દ્ર દ્વિવેદી, સૈન્ય ઓપરેશન્સના મહાનિર્દેશક-લેફ્ટનન્ટ જનરલ પ્રતીક શર્મા અને સુરક્ષાના વડાઓએ હાજરી આપી હતી. સંબંધિત એજન્સીઓના વડાઓ હાજર રહ્યા હતા. આ બેઠક સાઉથ બ્લોકમાં થઈ હતી.

આ બેઠક સ્વતંત્રતા દિવસના એક દિવસ પહેલા ૧૪ ઓગસ્ટે બની હતી. સ્વતંત્રતા દિવસના અવસર પર સુરક્ષા સુનિશ્ચિત કરવા માટે જમ્મુ-કાશ્મીરમાં સુરક્ષા દળોને હાઈ એલર્ટ પર રાખવામાં આવ્યા છે.

---

### બે મંત્રીઓ સહિત પોલીસ અધિકારીઓના પણ નામ

# બાંગ્લાદેશમાં શેખ હસીના સામે હત્યાનો કેસ દાખલ કરાયો

### ૫ ઓગસ્ટે રાજીનામું આપીને ભારત ભાગી આવ્યા પછીથી હસીના વિરુદ્ધ દાખલ થયેલો આ પ્રથમ કેસ છે

નવી દિલ્હી, તા.૧૪

બાંગ્લાદેશના પદભ્રષ્ટ વડાપ્રધાન શેખ હસીના, તેમના બે વરિષ્ઠ પ્રધાનો અને બરતરફ કરાયેલા પોલીસ વડા સહિત છ અન્ય લોકોએ હત્યાના આરોપોનો સામનો કરવો પડશે. ૫ ઓગસ્ટે રાજીનામું આપીને ભારત ભાગી આવ્યા પછીથી હસીના વિરુદ્ધ દાખલ થયેલો આ પ્રથમ કેસ છે. ગયા મહિને થયેલી હિંસક અથડામણો દરમિયાન કરિયાણાની દુકાનના માલિકના મૃત્યુના મામલે હસીના અને બીજા છ વ્યક્તિઓ સામે આ કેસ દાખલ થયો છે. કોર્ટ અધિકારીએ જણાવ્યું હતું કે મેટ્રોપોલિટન મેજિસ્ટ્રેટ રાજેશ ચૌધરીએ પોલીસને એફઆઈઆર દાખલ કરવાનો આદેશ આપ્યો છે. આ કેસમાં આરોપી તરીકે અવામી લીગના જનરલ સેક્રેટરી અને ભૂતપૂર્વ રોડ ટ્રાન્સપોર્ટ મિનિસ્ટર ઓબેદુલ કાદર, ગૃહ પ્રધાન અસદુઝમાન ખાન, બરતરફ પોલીસ મહાનિરીક્ષક (આઈજીપી) અબ્દુલ્લા અલ મામુન, ઢાકાના પોલીસ કમિશનર હબીબુર રહેમાન, એડિશનલ આઈજીપી હારુન અને એડિશનલ જોઈન્ટ કમિશનર બિપ્લબ કુમારના નામો છે. આ બે પ્રધાનો ગુપ્ત રીતે દેશ છોડીને ભાગી ગયા હોવાનું માનવામાં આવે છે. પોલીસ અધિકારીઓનો પણ કોઈ પતો નથી. આવા ગંભીર આરોપથી શેખ હસીના માટે બાંગ્લાદેશમાં પરત ફરવાનું મુશ્કેલ બની શકે છે.

---

### જમ્મુ-કાશ્મીરના પોલીસકર્મીઓને સૌથી વધુ મેડલ

# સ્વતંત્રતા દિવસે ૧૦૩૭ લોકોને મળશે વીરતા અને સેવા મેડલ

### આ વખતે રાષ્ટ્રપતિ મેડલ ફોર ગેલેન્ટ્રી (PMG) મેડલ ૧ ને અને મેડલ ફોર ગેલેન્ટ્રી (GM) ૨૧૩ જવાનોને આપવામાં આવશે

નવી દિલ્હી, તા.૧૪

પોલીસ, ફાયર બ્રિગેડ, હોમગાર્ડ્સ અને સિવિલ ડિફેન્સ (HG&CD) અને સુધારાત્મક સેવાઓના કુલ ૧૦૩૭ કર્મચારીઓને સ્વતંત્રતા દિવસ ૨૦૨૪ના અવસર પર વીરતા અને સેવા મેડલ માટે પસંદ કરવામાં આવ્યા છે. ગૃહ મંત્રાલયે બુધવારે (૧૪ ઓગસ્ટ ૨૦૨૪) સ્વતંત્રતા દિવસ ૨૦૨૪ના અવસર પર વિશિષ્ટ સેવા માટે રાષ્ટ્રપતિ મેડલ/ મેરીટોરીયસ સર્વિસ માટે મેડલ પ્રાપ્તકર્તાઓની યાદી બહાર પાડી છે. આ તમામને ૧૫મી ઓગસ્ટના રોજ એવોર્ડ આપવામાં આવશે.

આ વખતે રાષ્ટ્રપતિ મેડલ ફોર ગેલેન્ટ્રી (PMG) મેડલ ૧ ને અને મેડલ ફોર ગેલેન્ટ્રી (GM) ૨૧૩ જવાનોને આપવામાં આવશે. જેમાં પોલીસ સેવાને ૨૦૮, ફાયર સર્વિસને ૪, હોમગાર્ડ અને સિવિલ ડિફેન્સને ૧ મેડલ આપવામાં આવશે. ૨૫ જુલાઈ, ૨૦૨૨ ના રોજ થયેલી લૂંટમાં દુર્લભ બહાદુરી પ્રદર્શિત કરવા બદલ તેલંગાણા પોલીસના હેડ કોન્સ્ટેબલ ચડુવુ યાદૈયાને રાષ્ટ્રપતિ મેડલ ફોર ગેલેન્ટરી (PMG) એનાયત કરવામાં આવ્યો છે. તેઓએ ચેઈન સ્નેચિંગ અને હથિયારોના વ્યવહારમાં સંડોવાયેલા બે કુખ્યાત વ્યક્તિઓ ઈશાન નિરંજન નીલમનાલ્લી અને રાહુલની ધરપકડ કરી હતી. આ દરમિયાન, બદમાશોએ તેના પર છરી વડે હુમલો કર્યો અને તેના શરીરના વિવિધ ભાગો એટલે કે છાતી, શરીરના પાછળના ભાગે, ડાબા હાથ અને પેટ પર અનેક વાર કર્યા. ગંભીર ઈજાઓ હોવા છતાં, તે તેમને પકડવામાં સફળ રહ્યો. હોસ્પિટલમાં ૧૭ દિવસ સુધી તેની સારવાર કરવામાં આવી હતી.

વીરતા માટેના ૨૧૩ મેડલ (GM)માંથી ૨૦૮ GM પોલીસ કર્મચારીઓને એનાયત કરવામાં આવ્યા છે. તેમાં પણ જમ્મુ-કાશ્મીર પોલીસના સૌથી વધુ ૩૧ જવાનો, ઉત્તર પ્રદેશ અને મહારાષ્ટ્રના ૧૭-૧૭ જવાનો, છત્તીસગઢના ૧૫, મધ્ય પ્રદેશના ૧૨, ઝારખંડ,

પંજાબ અને તેલંગાણાના ૦૭-૦૭ જવાનો, સીઆરપીએફના ૫૨ જવાનો, એસએસબીના જવાનો. ૧૪ કર્મચારીઓ, ૧૦ CISFના જવાનો, ૦૬ BSFના જવાનો અને બાકીના પોલીસ કર્મચારીઓ અન્ય રાજ્યો/UTs અને CAPFના છે. વધુમાં, દિલ્હી અને ઝારખંડ ફાયર સર્વિસના કર્મચારીઓને અનુક્રમે ૦૩ GM અને ૦૧ GM અને ૦૧ ય્સ ઉત્તર પ્રદેશ HG&CD કર્મચારીઓને પૂરા પાડવામાં આવ્યા છે.

વિશિષ્ટ સેવા (PSM) માટેના ૯૪ રાષ્ટ્રપતિ મેડલ્સમાંથી ૭૫ પોલીસ સેવા, ૮ ફાયર સર્વિસ, ૮ સિવિલ ડિફેન્સ-હોમગાર્ડ સેવા અને ૩ સુધારાત્મક સેવાને એનાયત કરવામાં આવ્યા છે. મેરીટોરીયસ સર્વિસ (MSM) માટેના ૭૨૯ મેડલ્સમાંથી ૬૨૪ પોલીસ સેવાને, ૪૭ ફાયર સર્વિસને, ૪૭ સિવિલ ડિફેન્સ અને હોમગાર્ડ સેવાને અને ૧૧ સુધારાત્મક સેવાને એનાયત કરવામાં આવ્યા છે. વિશિષ્ટ સેવા માટે રાષ્ટ્રપતિ ચંદ્રક (PSM) સેવામાં ખાસ કરીને વિશિષ્ટ રેકોર્ડ માટે આપવામાં આવે છે અને મેડલ ફોર મેરીટોરિયસ સર્વિસ (MSM) કોઠાસૂઝ અને ફરજ પ્રત્યેની નિષ્ઠા દ્વારા દર્શાવવામાં આવેલી મૂલ્યવાન સેવા માટે એનાયત કરવામાં આવે છે.

વીરતા પુરસ્કાર વર્ષમાં બે વાર આપવામાં આવે છે. દર વખતે આ મેડલ માટે અલગ-અલગ કર્મચારીઓની પસંદગી કરવામાં આવે છે. આ મેડલ પહેલી વાર ૨૬ જાન્યુઆરી એટલે કે પ્રજાસત્તાક દિવસે અને બીજી વાર ૧૫ ઓગસ્ટ એટલે કે સ્વતંત્રતા દિવસ પર આપવામાં આવે છે. આમાંના કેટલાક પુરસ્કારો માત્ર સૈનિકોને આપવામાં આવે છે, જ્યારે કેટલાક પુરસ્કારો પોલીસ, જેલ કર્મચારીઓ અને સામાન્ય નાગરિકોને આપવામાં આવે છે.

---

# ભારતીય ક્રિકેટ ટીમને મળ્યા નવા બોલિંગ કોચ

નવી દિલ્હી, તા.૧૪

ભારતીય ક્રિકેટ ટીમને આગામી સમયમાં ચેમ્પિયન્સ ટ્રોફી અને વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપ ફાઈનલ જેવી મેજર ICC ટુર્નામેન્ટ જીતવા માટે આ એક્સપર્ટસની ટીમના સલાહ સૂચનો મળશે. હેડ કોચ તરીકે ગૌતમ ગંભીરની નિમણૂક બાદ તેના સપોર્ટ સ્ટાફમાં કોણ હશે તેની પણ ચર્ચા થઈ રહી હતી. ગંભીરે કોચ પદ સંભાળતા પહેલા બોલિંગ કોચ અને મેન્ટરની પસંદગી માટે નામ સૂચવ્યા હોવાનું પણ બહાર આવ્યું હતું. ગૌતમ ગંભીર પોતાના સ્ટાફમાં અભિષેક નાયર, રયાન ડોસ્કાટી અને મોર્ને મોર્કેલને રાખવામાં આવે એવું ઈચ્છતા હતા અને એ ઈચ્છા પુરી થઈ છે. ગૌતમ ગંભીરને બોલિંગ કોચ તરીકે મોર્કેલ ઉપરાંત આસિસ્ટન્ટ કોચ તરીકે રયાન ટેન ડોસ્કાટી અને બેટિંગ કોચ તરીકે અભિષેક નાયરનો સપોર્ટ મળી રહ્યો છે. મોર્ને મોર્કેલ લખનૌ સુપર જાયન્ટ્સમાં ગંભીર સાથે કોચિંગ કરી ચૂક્યો છે. અગાઉ IPLમાં કોલકાતા નાઈટ રાઈડર્સની ટીમમાં પણ તેઓ સાથે હતા. તો રયાન ટેન ડોસ્કાટી પણ કોલકાતા નાઈટ રાઈડર્સની ટીમનો સભ્ય રહી ચૂક્યો છે. આમ સ્પષ્ટ છે કે ગંભીરે હેડકોચ બન્યા બાદ પોતાની પસંદગીના માણસોને આસપાસ રાખ્યા છે. ભારતીય ક્રિકેટ ટીમ આ લોકોના સલાહ સૂચનો મેળવીને આગામી દિવસોમાં વધારે સારો દેખાવ કરીને WTC જેવી મેજર ટુર્નામેન્ટ જીતવા પ્રયાસ કરશે.

## ૭૮માં સ્વાતંત્ર્ય દિન

નિમિત્તે

## હાર્દિક શુભકામનાઓ...

Happy 15 August

ये बात हवाओं को बताये रखना,
रोशनी होगी चिरागों को जलाये रखना!
लहू देकर जिसकी हिफ़ाज़त हमने की,
ऐसे तिरंगे को सदा दिल में बसाये रखना!!

स्वतंत्रता दिवस
की हार्दिक शुभकामनाएं



**શ્રી વિરજીભાઈ ઠુંમર**
પૂર્વ ધારાસભ્ય
લાઠી-બાબરા-દામનગર

**શ્રી જેનીબેન ઠુંમર**
પ્રમુખ
ગુજરાત પ્રદેશ મહિલા કોંગ્રેસ



## ૭૮માં સ્વાતંત્ર્ય દિન

નિમિત્તે

## હાર્દિક શુભકામનાઓ

इस तिरंगे से ही मेरी पहचान है
इस पर तो मेरा सब कुछ कुर्बान है
अब इसके बारे में मैं क्या कहूँ मेरे यारों
इससे ही तो मेरी आन बान शान और अभिमान है।




: શુભેચ્છક :

**નટરાજ રોડ લાઇન્સ**
અમરેલી-ભાવનગર-રાજકોટ

**આશાપુરા ટ્રાન્સપોર્ટ કંપની**
અમરેલી-ભાવનગર-રાજકોટ

શ્રી ઉદયભાઇ શેખવા : મો. ૯૧૩૭૧ ૫૫૫૫૫


## ૭૮માં સ્વાતંત્ર્ય દિન

નિમિત્તે

## હાર્દિક શુભકામનાઓ...




: શુભેચ્છક :



શ્રી દીપકભાભાઈ માલાણી
ચેરમેન



શ્રી મહેશભાઈ લખાણી
વા.ચેરમેન



શ્રી જતિનભાઈ માલાણી
સેક્રેટરી

તથા તમામ ડિરેક્ટરશ્રીઓ
તેમજ કર્મચારીગણ...

**સાવરકુંડલા ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ**
**સાવરકુંડલા (માર્કેટયાર્ડ)**

## ૭૮માં સ્વાતંત્ર્ય દિન

નિમિત્તે

## હાર્દિક શુભકામનાઓ

INDIA
15TH AUGUST
HAPPY INDEPENDENCE DAY

શુભેચ્છક

જય જવાન જય કિસાન

**શ્રી સરદાર વલ્લભભાઈ પટેલ**
**ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ અમરેલી**

સાવરકુંડલા રોડ - અમરેલી
મુખ્યયાર્ડ ફોન : ઓ. (૦૨૭૯૨) ૨૯૫૫૫૫ : ૨૩૪૦૩૪ : ૨૩૪૦૪૪
સબયાર્ડ ફોન : ઓ. (૦૨૭૯૨) ૨૨૨૧૨૨ : ૨૨૩૨૧૩ : ૨૨૩૯૪૧

ખુલ્લી હરરાજી.... ખરો તોલ.... રોકડા નાણાં...

- ખેડૂતોએ પોતાની જણસ માર્કેટયાર્ડમાં વેચવાનો આગ્રહ રાખવો.
- ખેડૂતો વજનમાં છેતરાય નહીં તે માટે માર્કેટયાર્ડમાં ઈલેક્ટ્રોનીક્સ કાંટા દ્વારા વજન કરવામાં આવે છે.
- જુના માર્કેટયાર્ડ (સબયાર્ડ)માં AToZ માર્કેટ, હોલસેલ શાકમાર્કેટ, હોલસેલ ફ્રુટ માર્કેટ તેમજ તમામ સુવિધાઓ સંપન્ન રીટેઈલ શાકમાર્કેટ શરૂ છે.

તુષાર એચ. હપાણી
સેક્રેટરી

સુરેશભાઈ એમ. રોકડ
વા.ચેરમેન

શૈલેષભાઈ બી. સંઘાણી
ચેરમેન

સમગ્ર બોર્ડ ઓફ ડીરેક્ટરશ્રીઓ

**શ્રી સરદાર વલ્લભભાઈ પટેલ**
**ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ અમરેલી**

### રક્ષાબંધનના પર્વને લઈને GSRTCનું આયોજન

# રક્ષાબંધનના પર્વ દરમ્યાન ૬૫૦૦ બસોની એક્સ્ટ્રા ટ્રીપ દોડાવાશે

## રક્ષાબંધનના પર્વ દરમ્યાન થતા ટ્રાફિકને લઇ આયોજન

અમદાવાદ, તા૧૪

અમદાવાદમાં રક્ષાબંધનના પર્વને લઈને GSRTCનુ આગવું આયોજન છે. જેમાં રક્ષાબંધનના પર્વ દરમ્યાન ૬૫૦૦ બસોની એક્સ્ટ્રા ટ્રીપ દોડાવાશે. ૧૭ ઓગસ્ટથી ૨૦ ઓગસ્ટ સુધી રક્ષાબંધનના તહેવારો દરમિયાન એક્સ્ટ્રા બસોના સંચાલન માટે નિર્ણય લેવાયો છે. તેમાં અમદાવાદ, વડોદરા, સુરત, મહેસાણા, રાજકોટ, જામનગર સહિતના ડીવિઝનમાંથી એક્સ્ટ્રા ટ્રીપોનું સંચાલન કરાશે.

રક્ષાબંધનના પર્વ દરમ્યાન થતા ટ્રાફિકને પહોંચી વળવા એસ.ટી નિગમનું આયોજન છે. સમગ્ર ગુજરાતમાં અલગ-અલગ એસટી ડેપોમાંથી આ બસોનું સંચાલન કરાશે,જનમાષ્ટમી અને રક્ષાબંધનનો પર્વ હોવાથી લોકો બહારગામ વધુ જતા હોય છે, મુસાફરોને તકલીફ ના પડે તેને લઈ એસટી નિગમ દ્વારા આ નિર્ણય લેવામાં આવ્યો છે. દરેક રૂટ પર આ વધારાની બસો દોડાવવામાં આવશે. તો મુસાફરનો તહેવારના સમયે વધુ તકલીફ ના પડે અને સમય પ્રમાણે બસો મળી રહે તે માટે આ નિર્ણય મુસાફરો માટે ફાયદારૂપ બની રહેશે.

ST વિભાગ નિયામકના જણાવ્યા મુજબ તારીખ ૧૯થી ૨૯ આઠ દિવસ સુધી ડિવિઝન હેઠળ આવેલા નવ ડેપોમાં દૈનિક ૫૦થી વધુ ટ્રીપ દોડાવવાનું આયોજન કરાયું છે. પાંચમથી આઠમ દરમિયાન મુસાફરોનો વધુ ધસારો હોય છે. જેથી તે સમયગાળા દરમિયાન મુસાફરોની સંખ્યામાં વધારો થશે તો વધારાની બસ દોડાવાશે. દર વર્ષે એસટી વિભાગ દ્વારા તહેવારોના સમયે વિશેષ બસો દોડાવવામાં આવે છે જેના કારણે મુસાફરોને તકલીફનો સામનો કરવો નથી પડતો. દિવાળીના સમયમાં પણ એસટી વિભાગ દ્વારા વિશેષ બસો દોડાવવામાં આવે છે. એક થી બીજી જગ્યાએ જવામાં સરળતા રહે તે માટે આ બસો દોડાવવામાં આવે છે. વધારાની બસો દોડાવવાથી એસટી વિભાગને સારી આવક થાય છે,સાથે સાથે મુસાફરોને પણ ખાનગી વાહનોનો સહારો લેવો પડતો નથી.

### અમેરિકાએ વિઝા આપવા કર્યો ઈનકાર

# રામલલાની મૂર્તિ બનાવનાર અરુણ યોગીરાજને ઝટકો

## યોગીરાજને ૧૨મી AKKA વર્લ્ડ કન્નડ કોન્ફરન્સમાં સામેલ થવા માટે અમેરિકા જવાનું હતું

અયોધ્યા, તા.૧૪

અયોધ્યાના રામ મંદિર માટે રામલલાની મૂર્તિ બનાવનારા પ્રસિદ્ધ શિલ્પકાર અરુણ યોગીરાજને અમેરિકાએ વિઝા આપવાનો ઈનકાર કરી દીધો છે. આ માટે અમેરિકાએ કોઈ ઠોસ કારણ પણ નથી જણાવ્યું. યોગીરાજને ૧૨મી AKKA વર્લ્ડ કન્નડ કોન્ફરન્સમાં સામેલ થવા માટે અમેરિકા જવાનું હતું. આ કોન્ફરન્સ ૩૦ ઓગષ્ટથી એક સપ્ટેમ્બર વચ્ચે વર્જીનિયાના રિચમંડ કન્વેન્શન સેન્ટરમાં યોજાવાની હતી.

અરુણ યોગીરાજના પરિવારે વિઝા ન મળવા પર નિરાશા વ્યક્ત કરી છે. કૌટુંબિક સૂત્રોનું કહેવું છે કે, અરુણની પત્ની વિજેતા અગાઉ પણ અમેરિકા જઈ ચૂકી છે અને આવી સ્થિતિમાં અરુણને વિઝા આપવાનો ઈનકાર કરવો ખૂબ જ નિરાશાજનક છે. શિલ્પકાર અરુણે અમેરિકા જવા માટે તમામ તૈયારીઓ પણ પૂરી કરી લીધી હતી. અરુણ યોગીરાજે પણ અમેરિકા દ્વારા વિઝા આપવાનો ઈનકાર કર્યો હોવાની પુષ્ટિ કરી છે. તેણે કહ્યું કે, મને કોઈ કારણ નથી ખબર પરંતુ અમે વિઝા સંબંધિત તમામ દસ્તાવેજો જમા કરાવી દીધા છે. AKKA વર્લ્ડ કન્નડ કોન્ફરન્સનું વર્ષમાં બે વાર આયોજન કરવામાં આવે છે. આ કાર્યક્રમનો ઉદ્દેશ્ય અમેરિકા સહિત વિશ્વના અન્ય ભાગોમાં રહેતા સમુદાયના સભ્યોને એક સ્થળે લાવવાનો છે.

આ વર્ષની શરૂઆતમાં અયોધ્યામાં બની રહેલા રામ મંદિરમાં રામલલાની પ્રાણ પ્રતિષ્ઠાના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ મંદિરમાં ભગવાન રામલલાની જે મૂર્તિ સ્થાપિત કરવામાં આવી છે તેને યોગીરાજે બનાવી છે. આમ તો અરુણ યોગીરાજની ઘણી પેઢીઓ મૂર્તિઓ બનાવતી રહી છે પરંતુ રામલલાની મૂર્તિ બનાવીને અરુણ દેશ અને દુનિયામાં ખૂબ જ લોકપ્રિય બની ગયો. રામલલાની મૂર્તિ અંગે અરુણે કહ્યું હતું કે, જ્યારે મૂર્તિ બનાવવામાં આવી હતી ત્યારે તે અલગ દેખાતી હતી પરંતુ પ્રાણ પ્રતિષ્ઠા બાદ ભગવાને અલગ જ રૂપ ધારણ કરી લીધુ છે. સાત મહિના સુધી મેં જે ભગવાનની મૂર્તિ બનાવી હતી તેને હું પોતે પણ ઓળખી નહોતો શક્યો. ગર્ભગૃહમાં પ્રવેશતાની સાથે જ મૂર્તિ બદલાઈ ગઈ. આ એક ચમત્કાર જ છે.

### હાઈકોર્ટે ઝારખંડ સરકારને નિર્દેશ આપ્યો

# 'સંથાલ પરગણામાં ગેરકાયદેસર બાંગ્લાદેશી વસાહતીઓની ઓળખ થવી જોઈએ...'

## બેન્ચે કહ્યું કે પડોશી દેશથી ગેરકાયદેસર ઈમિગ્રેશન એ ખતરનાક પ્રસ્તાવ છે, જે રાજ્ય અને કેન્દ્ર માટે ગંભીર ચિંતાનો વિષય છે

ઝારખંડ, તા.૧૪

ઝારખંડ હાઈકોર્ટે કહ્યું કે રેશન કાર્ડ, આધાર કાર્ડ અને મતદાર ઓળખ કાર્ડ બનાવવા માટે જરૂરી દસ્તાવેજો જમીનના દસ્તાવેજો અને અરજદારોના રહેણાંકની સ્થિતિની પુષ્ટિ કર્યા પછી જ જારી કરવા જોઈએ. ઝારખંડ હાઈકોર્ટે મંગળવારે રાજ્ય સરકારને સંથાલ પરગણા ક્ષેત્રમાં આશ્રય લઈ રહેલા બાંગ્લાદેશી ગેરકાયદેસર વસાહતીઓની ઓળખ કરવાનો આદેશ આપ્યો છે. કાર્યકારી ચીફ જસ્ટિસ સુજીત નારાયણ પ્રસાદ અને જસ્ટિસ અરુણ કુમાર રોયની ડિવિઝન બેન્ચે બાંગ્લાદેશીઓના ગેરકાયદેસર સ્થળાંતર અંગે દાખલ કરેલી પીઆઈએલની સુનાવણી કરતા સરકારને આ વિસ્તારના મૂળ રહેવાસીઓની ઓળખ માટે ઝુંબેશ શરૂ કરવાનો આદેશ આપ્યો હતો.કોર્ટે એ પણ નિર્દેશ આપ્યો છે કે રેશન કાર્ડ, આધાર કાર્ડ અને મતદાર આઈડી કાર્ડ બનાવવા માટે જરૂરી દસ્તાવેજો જમીનના દસ્તાવેજો અને અરજદારોના રહેણાંકની સ્થિતિની પુષ્ટિ કર્યા પછી જ જારી કરવા જોઈએ.બેન્ચે કહ્યું કે પડોશી દેશથી ગેરકાયદેસર ઈમિગ્રેશન એ ખતરનાક પ્રસ્તાવ છે, જે રાજ્ય અને કેન્દ્ર માટે ગંભીર ચિંતાનો વિષય છે. દલીલો દરમિયાન, અરજદાર ડેનિયલ ડેનિશે કોર્ટને જણાવ્યું હતું કે સંથાલ પરગણાના ૬ જિલ્લા - દેવઘર, દુમકા, સાહિબગંજ, પાકુર, ગોડ્ડા અને જામતારામાં ગેરકાયદેસર વસાહતીઓ સ્થાયી થયા છે. પરિણામે, વિસ્તારની વસ્તીમાં નોંધપાત્ર ફેરફાર થયો છે.કોર્ટને કહેવામાં આવ્યું કે ૧૯૫૧ થી ૨૦૧૧ વચ્ચે આદિવાસી વસ્તીનો આંકડો ૪૪.૬૭થી ઘટીને ૨૮.૧૧ ટકા થયો છે, જ્યારે લઘુમતી સમુદાયની વસ્તી ૯.૪૪ થી વધીને ૨૨.૭૩ ટકા થઈ ગઈ છે. કોર્ટ આ મામલે ૨૨ ઓગસ્ટે ફરી સુનાવણી કરશે.

### જર્સી નંબર ૧૬ને કરી રિટાયર

# PR શ્રીજેશના સન્માનમાં હોકી ઈન્ડિયાએ લીધો મોટો નિર્ણય

## ભારતીય હોકી ટીમે પેરિસ ઓલિમ્પિકમાં સ્પેનને ૨-૧થી હરાવીને બ્રોન્ઝ મેડલ હાંસલ કર્યો હતો

નવી દિલ્હી, તા.૧૪

PR શ્રીજેશે પેરિસ ઓલિમ્પિક ૨૦૨૪ બાદ નિવૃત્તિ લઈ લીધી છે. જેમાં હવે હોકી ઈન્ડિયાએ મોટો નિર્ણય લીધો છે અને શ્રીજેશની જર્સી નંબર ૧૬ને રિટાયર કરી દીધી છે. ભારતીય હોકી ટીમે પેરિસ ઓલિમ્પિક ૨૦૨૪માં શાનદાર પ્રદર્શન કર્યું હતું. ભારતીય ટીમે સ્પેનને ૨-૧થી હરાવીને બ્રોન્ઝ મેડલ જીત્યો હતો. અગાઉ ટોક્યોમાં પણ ટીમે આ નંબર પર રહીને બ્રોન્ઝ મેડલ જીત્યો હતો. સતત બે ઓલિમ્પિક મેડલ બાદ દરેક ભારતીય ગર્વ અનુભવી રહ્યો છે. હોકી ભારતની રાષ્ટ્રીય રમત છે અને દરેક ભારતીય આ રમતને પોતાની સાથે સંબંધિત માને છે. પેરિસ ઓલિમ્પિકમાં ભારતીય ટીમને મેડલ અપાવવામાં મહત્વની ભૂમિકા ભજવનાર પીઆર શ્રીજેશે નિવૃત્તિ લઈ લીધી છે. હોકી ઈન્ડિયાના મહાસચિવ ભોલાનાથ સિંહે પણ જાહેરાત કરતાં કહ્યું કે, લગભગ બે દાયકાથી ૧૬ નંબરની જર્સી પહેરનાર ૩૬ વર્ષીય શ્રીજેશ જુનિયર રાષ્ટ્રીય કોચની ભૂમિકા નિભાવશે. શ્રીજેશના સન્માનમાં આયોજિત સમારોહમાં ભોલાનાથે કહ્યું કે, શ્રીજેશ હવે જુનિયર ટીમનો કોચ બનવા જઈ રહ્યો છે અને અમે સિનિયર ટીમ માટે ૧૬ નંબરની જર્સી રિટાયર કરી રહ્યા છીએ, પરંતુ અમે જુનિયર ટીમ માટે ૧૬ નંબરની જર્સી રિટાયર નથી કરી રહ્યા. શ્રીજેશ જુનિયર ટીમમાં બીજા શ્રીજેશને તૈયાર કરશે (શ્રીજેશ જુનિયર ટીમમાં તેના જેવા ખેલાડીને તૈયાર કરશે જે ૧૬ નંબરની જર્સી પહેરશે). કેરળના એર્નાકુલમમાં જન્મેલા PR શ્રીજેશે ૨૦૦૬ની દક્ષિણ એશિયન ગેમ્સમાં ભારત માટે ડેબ્યૂ કર્યું હતું અને ત્યારથી તે ભારતીય ગોલ પોસ્ટની મજબૂત દિવાલ બનીને રહ્યો હતો. તેણે પોતાની કારકિર્દીમાં ૩૦૦થી વધુ આંતરરાષ્ટ્રીય મેચો રમી છે. તેની ૧૮ વર્ષની લાંબી કારકિર્દી દરમિયાન પી.આર શ્રીજેશને ૪ વખત ઓલિમ્પિકમાં ભાગ લેવાની તક મળી જેમાં તે ૨ વખત મેડલ જીતવામાં સફળ રહ્યો હતો. આ સિવાય તેણે ભારતીય હોકી ટીમની કેપ્ટનશિપની જવાબદારી પણ નિભાવી છે. પી.આર. શ્રીજેશને હોકીમાં તેમના યોગદાન માટે વર્ષ ૨૦૨૧માં ભારત સરકાર દ્વારા મેજર ધ્યાનચંદ ખેલ રત્ન પુરસ્કારથી પણ સન્માનિત કરવામાં આવ્યા છે. PR શ્રીજેશ કહ્યું હતું કે, "વિનેશ સિલ્વર મેડલની હકદાર છે કારણ કે તેણે ફાઈનલમાં પહોંચીને પોતાને માટે મેડલ કન્ફર્મ કરી લીધો હતો. તે ચોક્કસપણે સિલ્વર અથવા ગોલ્ડ મેડલ મેળવશે. છેલ્લી ઘડીએ કહેવું કે તમે ફાઈનલમાં રમવા માટે અયોગ્ય છો. જો હું તેની જગ્યાએ હોત, તો મને ખબર નથી કે મેં શું કર્યું હોત. તે 'ફાઈટર' છે. તેણી બ્રોન્ઝ મેડલ મેચ પહેલા મળી હતી. ત્યારે તેણે કહ્યું હતું કે, 'ભાઈ ગુડ લક, તમે દીવાલ છો', સારું રમો. મને લાગ્યું કે તે હસીને પોતાનું દર્દ છુપાવી રહી છે, તે ખરેખર એક 'ફાઈટર' છે. છેલ્લા એક વર્ષમાં તેણી જેમાંથી પસાર થઈ છે તે પછી, તેણીએ ઓલિમ્પિક માટે ક્વોલિફાય થવાની તાલીમ લીધી અને પછી જીતીને ફાઈનલમાં પહોંચી."

### પૂર્વ ધારાસભ્ય ઋત્વિક મકવાણાએ આક્ષેપ કર્યા

# તિરંગા યાત્રામાં બાળકો સાવરકરની ટી-શર્ટમાં દેખાતા કોંગ્રેસ ભડકી

## કોંગ્રેસના આગેવાનોએ ગાંધી-સરદારના નારાઓ લગાવ્યા

ચોટીલા, તા.૧૪

સમગ્ર દેશ સહિત ગુજરાતમાં સ્વાતંત્ર્ય પર્વ પહેલાં તિરંગા યાત્રા યોજવામાં આવી રહી છે. ઠેર ઠેર લોકો તિરંગો લહેરાવી રહ્યાં છે. ત્યારે ચોટીલામાં નીકળેલી તિરંગા યાત્રામાં વિવાદ સર્જાયો છે.ચોટીલાની સાંગાણી પ્રાથમિક શાળામાં તિરંગાયાત્રા દરમિયાન બાળકોએ સાવરકર અને સુભાષચંદ્ર બોઝના ચિત્ર વાળી કેસરી ટી-શર્ટ પહેરી હતી. આ સમયે કોંગ્રેસની ન્યાયયાત્રા ત્યાંથી પસાર થઈ રહી હતી. બાળકોએ પહેરેલી ટી-શર્ટ જોઈને કોંગ્રેસ ભડકી હતી. કોંગ્રેસ તમામ બાળકોની ટી-શર્ટ ઉતરાવીને ભાજપ પર પ્રહાર કરતા કહ્યું કે, ગુજરાતમાં ગાંધી અને સરદાર ભૂલાયા છે. આજે સાવરકરની ટી-શર્ટ પહેરાવી કાલે ગોડસે કે દાઉદની ટી-શર્ટ પહેરાવશે. કોંગ્રેસની ન્યાય યાત્રા મોરબી અને રાજકોટથી થઈને સુરેન્દ્રનગરના ચોટીલા પહોંચી છે.આ યાત્રા ચોટીલાથી ડોળીયા જવા નીકળી ત્યારે સાંગાણી ગામની પ્રાથમિક શાળામાં તિરંગા યાત્રા દરમિયાન બાળકોએ વીર સાવરકરની કેસરી ટી-શર્ટ પહેરતા કોંગ્રેસે ગુજરાતમાં ગાંધી અને સરદારનું નામ ભૂંસવાની સરકારી સાજીશ હોવાનો આક્ષેપ કર્યો હતો. યાત્રા દરમિયાન કોંગ્રેસના કાર્યકરોની નજર તિરંગા યાત્રામાં જોડાયેલા બાળકોની ટીશર્ટ પર પડી હતી. કોંગ્રેસ રાષ્ટ્રીય દળના પ્રમુખ લાલજી દેસાઈ અને ચોટીલાના પૂર્વ ધારાસભ્ય ઋત્વિક મકવાણાએ સરકાર સામે આક્ષેપ કર્યા હતાં.

કોંગ્રેસ રાષ્ટ્રીય દળના પ્રમુખ લાલજીભાઈ દેસાઈએ જણાવ્યું કે, શાળાના બાળકોનો સ્કૂલ ડ્રેસ દબાવી દીધો છે અને એની ઉપર સાવરકરના ફોટાની કેસરી ટીશર્ટ પહેરાવીને યાત્રા કાઢી છે. એમણે બાળકોને જ પૂછ્યું હતું કે, આપણે ગાંધીજીની ટીશર્ટ પહેરવી જોઈએ કે પછી સાવરકરની ટીશર્ટ પહેરવી જોઈએ? સાવરકરની કેસરી ટીશર્ટ સાંગાણી સ્કૂલના આચાર્ય અને શિક્ષકોએ બાળકોને પહેરાવી છે. કાલે ઉઠીને તમને ગોડસે કે દાઉદનુ ટીશર્ટ આપશે તો એ પહેરવા દેશો. જ્યારે સ્કૂલના આચાર્યએ આ ટીશર્ટ દાતાઓએ આપી હોવાનું જણાવ્યું હતું. બાદમાં પોલીસે વચ્ચે દરમિયાન ગીરી કરી બાળકોના ટીશર્ટ તાકીદે બદલવાની સૂચના આપી હતી. બાદમાં કોંગ્રેસના આગેવાનોએ ગાંધી અને સરદારના નારાઓ લગાવ્યા હતા.

### ઇલોન મસ્ક સાથેના ઇન્ટરવ્યૂમાં ભૂતપૂર્વ અમેરિકન પ્રેસિડેન્ટનો દાવો

# કમલા હેરિસ બાઇડેન કરતાં પણ વધુ બિનકાર્યક્ષમ : ડોનાલ્ડ ટ્રમ્પ

## ટ્રમ્પે દોહરાવ્યું હતું કે બાઇડેનને બદલે કમલા હેરિસને ઉમેદવાર બનાવવાનો નિર્ણય આંતરિક બળવાનું પરિણામ હતું

નવી દિલ્હી, તા.૧૪

અમેરિકામાં આગામી નવેમ્બરમાં પ્રેસિડેન્ટની ચૂંટણી યોજાવાની છે ત્યારે રાજકીય માહોલમાં ગરમાવો વધી રહ્યો છે. ટ્રમ્પ સામે બાઈડેનને બદલે હવે કમલા હેરિસ મેદાનમાં છે અને ટ્રમ્પે તેની પર હુમલા શરૂ કરી દીધા છે. ટેસ્લાના ઈલોન મસ્ક સાથેના ઈન્ટરવ્યૂમાં ડોનાલ્ડ ટ્રમ્પે કમલા હેરિસને જો બાઈડેન કરતાં પણ વધુ બિનકાર્યક્ષમ ગણાવ્યા છે. સોશિયલ મીડિયા પ્લેટફોર્મ એક્સ પર ટ્રમ્પની એન્ટ્રીના દિવસે જ તેમણે ઈલોન મસ્કને ઈન્ટરવ્યૂ આપ્યો હતો. બહુપ્રતિક્ષિત ઓડિયો ઈન્ટરવ્યૂમાં ટ્રમ્પે સોમવારે જણાવ્યું હતું કે, "તે કટ્ટર ડાબેરી વિચારસરણી ધરાવે છે. તે ટ્રમ્પ કરતાં પણ વધુ ટ્રમ્પ થવા માંગે છે. કમલા હેરિસ ત્રીજા દરજ્જાની નકલી ઉમેદવાર (થર્ડ રેટ ફોની) છે." ટ્રમ્પે દોહરાવ્યું હતું કે બાઈડેનને બદલે કમલા હેરિસને ઉમેદવાર બનાવવાનો નિર્ણય આંતરિક બળવાનું પરિણામ હતું. મસ્કે પણ કમલા હેરિસ કટ્ટર ડાબેરી વિચારસરણી ધરાવતા હોવાની વાતને સમર્થન આપ્યું હતું. ટ્રમ્પે કહ્યું કે હેરિસ પાસે સાડા ત્રણ વર્ષનો સમય હતો. હજુ કંઈક કરવા માટે વધુ પાંચ મહિનાનો સમય છે, પણ તે કંઈ નહીં કરે.ટ્રમ્પે દાવો કર્યો હતો કે, "કમલા અને બાઈડેન બંને બિનકાર્યક્ષમ છે. કમલા હેરિસ બાઈડેન કરતાં વધુ બિનકાર્યક્ષમ છે." ટ્રમ્પે હેરિસ પર સરહદની સુરક્ષામાં ગંભીર નિષ્ફળતાનો આરોપ મૂક્યો હતો. સરહદની સુરક્ષામાં બેદરકારીને કારણે હજારો લોકો દેશમાં ગેરકાયદેસર ઘૂસ્યાં છે. ટ્રમ્પે કહ્યું હતું કે, "હું કાયદેસર ઈમિગ્રેશનની તરફેણમાં છું, પણ ગેરકાયદે ઈમિગ્રેશન સામે મને વાંધો છે." તેમણે કમલા હેરિસ પર જુઠ્ઠું બોલવાનો પણ આરોપ મૂક્યો હતો. મસ્કના એક પ્રશ્નના જવાબમાં ટ્રમ્પે બાઈડેનની વિદેશ નીતિની ઝાટકણી કાઢી હતી. તેમણે રશિયન પ્રેસિડેન્ટ પુતિન, ચાઈનીઝ પ્રેસિડેન્ટ જિનપિંગ અને ઉત્તર કોરિયાના કિમ જોંગ ઉનની પ્રશંસા કરી હતી.

### અમરાવતી, મુંબઈ, નાસિક બેઠકોની જવાબદારી

# મહારાષ્ટ્ર વિધાનસભાની ચૂંટણીની જવાબદારી ગુજરાતના છ નેતાને સોંપાઈ

## પરપ્રાંતિય નેતાઓને મહારાષ્ટ્ર વિધાનસભાની ચોક્કસ બેઠકોની ફાળવણી કરી જેમાં મહારાષ્ટ્ર ભાજપને મદદરૂપ થશે

મુંબઈ, તા.૧૪

આ વર્ષે મહારાષ્ટ્ર વિધાનસભાની સામાન્ય ચૂંટણી યોજાવાની છે. મહારાષ્ટ્ર વિધાનસભા ચૂંટણીને ધ્યાને લઈને ભારતીય જનતા પાર્ટીએ ગુજરાતના પાંચ નેતાઓને પણ મહારાષ્ટ્ર વિધાનસભાની ચૂંટણીની જવાબદારી સોંપી છે. ગુજરાત ભાજપના જે નેતાઓને મહારાષ્ટ્ર વિધાનસભા ચૂંટણીની જવાબદારી સોંપવામાં આવી છે તેમાં બે પ્રધાન ઋષિકેશ પટેલ અને જગદીશ પંચાલનો સમાવેશ થાય છે. આ ઉપરાંત અમદાવાદ શહેરના વર્તમાન બે ધારાસભ્ય વેજલપુરના અમિત ઠાકર અને એલિસબ્રિજના અમિત શાહનો પણ સમાવેશ થાય છે. જ્યારે પાંચમાં નેતા ગુજરાતના પૂર્વ રાજ્યકક્ષાના ગૃહપ્રધાન પ્રદિપ સિંહ જાડેજાનો સમાવેશ થાય છે. તો વલસાડના સંસદસભ્ય ધવલ પટેલને પણ મહારાષ્ટ્ર વિધાનસભાની ચૂંટણીની જવાબદારી સોંપવામાં આવી છે.

ગુજરાતના આ છ નેતાઓને અમરાવતી, મુંબઈ, નાસિક વિધાનસભા બેઠકોની જવાબદારી સોંપાઈ છે. ગુજરાત ભાજપના આ છ નેતાઓના, આગામી સપ્તાહથી મહારાષ્ટ્રમાં ધામા રહેશે. ગુજરાત વલસાડ સાંસદ ધવલ પટેલને પણ વિધાનસભાની ચૂંટણીની જવાબદારી સોપવામાં આવી છે.

મહારાષ્ટ્ર વિધાનસભાની ચૂંટણીની જવાબદારી માત્ર ગુજરાત ભાજપના જ નેતાઓને સોંપાઈ છે એવુ નથી. ગુજરાત સિવાય રાજસ્થાન, કર્ણાટક, મધ્યપ્રદેશના ભાજપના નેતાઓને પણ મહારાષ્ટ્ર વિધાનસભા ચૂંટણીની જવાબદારી સોપાઈ છે. આ પરપ્રાંતિય નેતાઓને મહારાષ્ટ્ર વિધાનસભાની ચોક્કસ બેઠકોની ફાળવણી કરી છે જેમાં તેઓ મહારાષ્ટ્ર ભાજપને મદદરૂપ થશે.

### ગાંધીનગરની સાબરમતી નદીમાં ડૂબ્યાં

# દશામાની મૂર્તિ પધરાવવા ગયેલા ત્રણ લોકો ડૂબ્યાં

## એક કિશોરી નદીના ઊંડા પાણીમાં ગરકાવ થઈ જેને બચાવવા ચાર લોકો કૂધા અને તેઓ પણ નદીમાં ડૂબ્યાં

ગાંધીનગર, તા.૧૪

ચોમાસાની સિઝનમાં નદીઓમાં પાણીની આવક થવા પામી છે. ઉપરવાસમાંથી છોડાઈ રહેલા પાણીને કારણે નદીઓનું જળસ્તર વધી રહ્યું છે. જેના કારણે ડૂબવાની અનેક ઘટનાઓ પ્રકાશમાં આવી રહી છે. અમદાવાદથી કેટલાક લોકો ગાંધીનગરની સાબરમતી નદીમાં દશામાની મૂર્તિ પધરાવવા માટે આવ્યા હતાં. આ દરમિયાન એક કિશોરી નદીના ઊંડા પાણીમાં ગરકાવ થઈ હતી. જેને બચાવવા માટે ચાર લોકો નદીમાં કૂદ્યા હતાં. તેઓ પણ નદીમાં ડૂબ્યાં હતાં. આ ઘટનામાં ત્રણ લોકોના જીવ ગયા હતાં જ્યારે બે લોકોને સ્થાનિકોએ બચાવી લીધા હતાં.

પ્રાપ્ત વિગતો પ્રમાણે ગાંધીનગરના સેક્ટર ૩૦ની સાબરમતિ નદીમાં દશામાની મૂર્તિ પધરાવવા માટે અમદાવાદથી આવેલા એક પરિવારની બાર વર્ષની દીકરી ઊંડા પરિવારમાં ગરકાવ થઈ ગઈ હતી. તેને બચાવવા માટે એક પછી એક ચાર લોકોએ પાણીમાં કૂદી શોધખોળ કરવાનો પ્રયાસ કર્યો હતો. જે પૈકી અજય વણઝારા અને ભારતીબેન પ્રજાપતિ પણ ઊંડા પાણીમાં ગરકાવ થઈ ગયાં હતાં. જ્યારે અન્ય બે વ્યક્તિને સ્થાનિકોએ બચાવી લીધા હતા. બનાવની જાણ થતાં ગાંધીનગર ફાયર બ્રિગેડની ટીમે સાબરમતી નદીમાં સર્ચ ઓપરેશન હાથ ધરીને અજય વણઝારા, ભારતીબેન પ્રજાપતિ અને પૂનમ પ્રજાપતિના મૃતદેહને બહાર કાઢ્યો હતો.

આ બનાવના પગલે પોલીસ પણ ઘટનાસ્થળે પહોંચી હતી અને વધુ તપાસ હાથ ધરી હતી. દશામાનો તહેવાર બાદ આગામી દિવસોમાં સાતમ-આઠમ સહિતના તહેવારો આવી રહ્યા છે. ત્યારે આ વચ્ચે ત્રણ લોકોના મોત થતાં જ તહેવારોની ખુશી માતમમાં ફેરવાઈ ગઈ છે. મૃતકોના પરિવારજનોમાં શોકનો માહોલ છવાઈ ગયો છે. પરિવારજનો હૈયાફાટ રૂદન કરી રહ્યા છે. બીજી તરફ લાશોને પોસ્ટમોર્ટમ અર્થે લઈ જવાઈ છે.હાલમાં પોસ્ટમોર્ટમ સહિતની કાર્યવાહી કરવામાં આવી રહી છે.

# મેડિકલ કોલેજ, હોસ્ટેલ અને ક્વાર્ટસમાં સલામતી માટે નીતિ તૈયાર કરોઃ NMC

અમદાવાદ, તા.૧૪

દેશની તમામ મેડિકલ કોલેજોને હોસ્પિટલ અને કોલેજમાં ફરજ બજાવતાં કર્મચારીઓની સલામતી માટે ખાસ પોલીસી તૈયાર કરવા નેશનલ મેડિકલ કમીશન દ્વારા આદેશ કરવામાં આવ્યો છે. દરેક સંવેદનશીલ એરિયામાં ફરજિયાત સીસી ટીવી કેમેરા લગાવીને મોનિટરિંગ કરવા ઉપરાંત કોઈપણ પ્રકારની ઘટના બને તેના ૪૮ કલાકમાં કમીશનને જાણ કરવા માટે પણ સૂચના આપવામાં આવી છે. બેંગ્લોર-કલકત્તામાં તાજેતરમાં રેસીડેન્ટ ડોક્ટર રેપ અને મર્ડરની ઘટના બહાર આવતાં હાલમાં તમામ મેડિકલ કોલેજોમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓ,પ્રોફેસર સહિત તમામમાં ભારે આક્રોશ જોવા મળી રહ્યો છે. તાજેતરમાં દરેક મેડિકલ કોલેજમાં આ ઘટનાની વિરોધમાં દેખાવો કરીને નારાજગી પણ વ્યક્ત કરવામાં આવી હતી. આ સ્થિતિ વચ્ચે હવે નેશનલ મેડિકલ કમીશન પણ હરકતમાં આવી ગયું છે. કમીશન દ્વારા દરેક રાજયના મેડિકલ એજ્યુકેશન ડીપાર્ટમેન્ટ, સેક્રેટરીને પરિપત્ર મોકલીને એવી સૂચના આપવામાં આવી છે કે, મેડિકલ કોલેજમાં ફરજ બજાવતાં ફેકલ્ટી, મેડિકલ સ્ટુડન્ટસ અને રેસીડેન્ટ ડોકટર સહિત તમામ માટે એક સલામત વર્ક પોલીસી તૈયાર કરવામાં આવે તે જરૂરી છે. આ પોલીસીમાં ઓપીડી, વોર્ડ, કેસ્યુલીટી, હોસ્ટેલ અને કેમ્પસના તમામ ખુલ્લા વિસ્તારો અને કવાર્ટસનો પણ સમાવેશ થાય તેવી વ્યવસ્થા કરવામાં આવે અને ખાસ કરીને સાંજના સમયે કેમ્પસ અને હોસ્ટેલ કે હોસ્પિટલ વચ્ચે ડોકટરો અને વિદ્યાર્થીઓ સરળતાંથી આવન-જાવન કરી શકે તેવી વ્યવસ્થા ઉભી કરવામાં આવે તે જરૂરી છે.આ ઉપરાંત મેડિકલના વિદ્યાર્થી સાથે કોપિણ પ્રકારની હિંસાત્મક પ્રવૃત્તિ થાય તો કોલેજ મેનેજમેન્ટ દ્વારા તાકીદે પોલીસ ફરિયાદ દાખલ કરવામાં આવે અને આ પ્રકારની પ્રવૃત્તિ સામે કડક કાર્યવાહી પગલા લઈને ૪૮ દિવસમાં મેડિકલ કમીશનને રીપોર્ટ કરવાની પણ સૂચના આપવામાં આવી છે.

# રિટેલ મોંઘવારી બાદ જથ્થાબંધ ફુગાવામાં પણ રાહત જોવા મળી

નવી દિલ્હી, તા.૧૪

રિટેલ મોંઘવારી દર બાદ હવે જથ્થાબંધ મોંઘવારી મોરચે પણ રાહતના સમાચાર છે. જુલાઈમાં દેશનો જથ્થાબંધ મોંઘવારી ત્રણ માસના તળિયે નોંધાઈ છે. જુલાઈમાં જથ્થાબંધ ફુગાવો ઘટીને ૨.૦૪ ટકા થયો હતો. બુધવારે સરકાર દ્વારા જારી કરવામાં આવેલા સત્તાવાર આંકડા પરથી આ માહિતી સામે આવી છે. જથ્થાબંધ ભાવ સૂચકાંક (WPI) આધારિત ફુગાવો જૂનમાં ૩.૩૬ ટકા હતો. ડિપાર્ટમેન્ટ ફોર પ્રમોશન ઑફ ઈન્ડસ્ટ્રી એન્ડ ઈન્ટરનલ ટ્રેડ (DPIIT) એ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ 'X' પર જણાવ્યું હતું કે, 'જથ્થાબંધ ફુગાવાનો વાર્ષિક દર જુલાઈ ૨૦૨૪માં ૨.૦૪ ટકા હતો, જ્યારે જૂન ૨૦૨૪માં તે ૩.૩૬ ટકા હતો. કોર પ્રોડક્ટ્સમાં જથ્થાબંધ ફુગાવો જુલાઈ ૨૦૨૪માં ૩.૦૮ ટકા હતો, જ્યારે જૂન ૨૦૨૪માં તે ૮.૮૦ ટકા હતો. ઈંધણ અને વીજળીમાં જથ્થાબંધ મોંઘવારી વધી ૧.૭૨ ટકા થઈ છે, જે જૂન ૨૦૨૪માં ૧.૦૩ ટકા હતી. આ સપ્તાહની શરૂઆતમાં જારી કરાયેલા ડેટા અનુસાર જુલાઈમાં રિટેલ ફુગાવો ઘટીને ૩.૫૪ ટકાના પાંચ વર્ષના નીચલા સ્તરે પહોંચ્યો હતો. ફુગાવાને નિયંત્રણમાં રાખવા માટે, રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાએ ઓગસ્ટમાં મોનેટરી પોલિસી કમિટીની બેઠકમાં સતત નવમી વખત વ્યાજ દરો ૬.૫% પર યથાવત રાખવાનો નિર્ણય કર્યો હતો.




### ૭૮ માં સ્વાતંત્ર્ય પર્વની ઉજવણી અન્વયે

# અમરેલી : સાંસદ ભરતભાઈ સુતરિયા અને વિધાનસભા નાયબ મુખ્ય દંડક કૌશિકભાઈ વેકરિયાએ તિરંગા મેળાની મુલાકાત લીધી

## કલેકટર, ડીડીઓ અને એસ.પી.એ સ્વસહાય જુથોની મહિલાઓને પ્રોત્સાહન પુરૂ પાડયું

અમરેલી, તા. ૧૪

૭૮મા સ્વાતંત્ર્ય પર્વની ઉજવણી અન્વયે અમરેલી જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીની એન.આર.એલ.એમ યોજના અંતર્ગત દ્વારા 'તિરંગા મેળા'નું આયોજન કરવામાં આવ્યું હતું. ગ્રામ્ય વિસ્તારમાં કાર્યરત મહિલા સ્વ સહાય જૂથો દ્વારા ઉત્પાદિત ચીજવસ્તુઓને માર્કેટ મળે, મહિલાઓને આર્થિક ઉપાર્જન અને આર્થિક વૃદ્ધિથી આર્થિક સમૃદ્ધિ માટે પ્રોત્સાહન મળે તે હેતુથી જિલ્લા કક્ષા એ 'તિરંગા મેળો' યોજવામાં આવ્યો હતો. હર ઘર તિરંગા અભિયાન અન્વયે યોજવામાં આવેલ જિલ્લા કક્ષા તિરંગા યાત્રા અંતર્ગત સાંસદ ભરતભાઈ સુતરિયા, વિધાનસભા નાયબ મુખ્ય દંડક કૌશિકભાઈ વેકરિયા, જિલ્લા કલેક્ટર અજય દહિયા, જિલ્લા વિકાસ અધિકારી પરિમલ પંડ્યા, જિલ્લા પોલીસ અધિક્ષક હીમકર સિંઘ, જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના નિયામક જાડેજાએ 'તિરંગા મેળા'ની મુલાકાત



લીધી હતી. મહાનુભાવો અને અધિકારીઓએ સ્વ સહાય જૂથોની મહિલાઓને પ્રોત્સાહન પુઢં પાડ્યુ હતું.

આ તિરંગા મેળાને સફળ બનાવવા માટે એન.આર.એલ.એમ યોજના જિલ્લા તેમજ તાલુકાના કર્મયોગીઓએ જહેમત ઉઠાવી હતી, તેમ અમરેલી જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના નિયામકએ એક યાદીમાં જણાવ્યુ છે.

# અમરેલીનાં સાંસદ ભરત સુતરીયાનો આજે જન્મદિન

અમરેલી, તા. ૧૪

અમરેલીનાં સાંસદ ભરત સુતરીયાનો આઝાદી દિન ૧૫ ઓગષ્ટનાં રોજ જન્મદિવસ હોય મિત્રો, શુભેચ્છકો દ્વારા અભિનંદન પાઠવવામાં આવી રહ્યા છે.



# સ્વતંત્રતા દિવસ - કવિતા



તમે નાગરિક ધર્મ નિભાવોને
દેશ દેશ ખાલી શું કરો છો, તમારો દ્વેષ ઉતારોને
દેશ આગળ લઈ જવાં, સૌને ભાઈ-બહેન માનોને
૩૭૦ ૩૭૦ શું કરો છો, કાશ્મીર મુદો પતી ગ્યો હાલો
માં ને રાજી કરવાં, નાત-ધર્મ-પ્રાંત-પક્ષ ફગાવોને
વિશ્વગુરૂ માત્ર સ્વપ્નવાથી થવાનો શું વિશ્વગુરૂ ?
આ વેચતાં ઓલાં છોટુને, તમેય થોડું ભણાવોને
ગંદકી ગંદકી શું કરો છો, એમ થાશે ભારત સ્વચ્છ ?
તમારા મન અંદરની ગંદકીને, તમેય ઝાડું મારોને
સરકાર કરે સરકાર કરે, અસરકારક બોલ્યાં કરો
દેશ સોના નગરી બનાવવાં, તમે ય કામ આવોને
ભ્રષ્ટાચાર-કામચોરી કરવાંથી સુધરશે શું સ્થિતિ ?
હું સુધારીશ દેશ સુધરશે, દાખલો બની બતાવોને
ગૌહત્યા અટકાવવાં ઘરે ઘરે તમેય ગાય વસાવોને
રામમંદિર બન્યું એ સાથેસાથે, હૈયે ય રામ વસાવોને
મારે શું ?, મારૂ શું ?, હુ શું કરી શકું ? એ વિચાર્યા કર્યુ
યથા પ્રજા તથા રાજા, તમે નાગરિક ધર્મ નિભાવોને
ડાહી ડાહી ફિશિયારી તો બહુ કરી દેશભકિતની
મોબાઈલ ફોરવર્ડથી વધુ, અમલમાં મૂકી બતાવોને
ઉપાડનારાં ઉપાડશે ગોવર્ધન, બંધાશે સેતુબંધ પણ
ગોવાળ-ખિસકોલી બની, તમારૂં કર્મ ય દિપાવોને

– મિતલ ખેતાણી

### બે મહિલા સહિત ૩ વ્યકિત દ્વારા

# રાજુલાનાં મોટા આગરીયા ગામનાં પ્રૌઢ ખેડૂત ઉપર સામાન્ય બાબતે હુમલો

## સ્થાનિક પોલીસે ગુન્હો નોંધી તપાસ આદરી

અમરેલી, તા. ૧૪

રાજુલા તાલુકાના મોટા આગરીયા સ્ટેશન વિસ્તારમાં રહેતા અને ખેતીકામ કરતાં કાળુભાઈ રત્નાભાઈ ડોલર નામનાં ૫૫ વર્ષિય ખેડૂત તા. ૧૩ ના રોજ સવારે અગિયારેક વાગ્યે ખાંભડા ગામની સીમમાં આવેલ પોતાની વાડીએ ગયેલ અને ત્યાં બાજુમાં આવેલ પોતાના નાનાભાઈ મધુભાઈની વાડીએ તેમનો ભત્રીજો જીતેશ અને તેની બહેનો અસ્મિતા તથા કાજલ નીંદવાનું કામ કરતા હોય. ત્યારે ખેડૂતે પોતાના ભત્રીજા જીતેશને સમજાવેલ કે તમે બાજુમાં ભાગવી રાખેલ વાડીએ દવા છાંટતા મારી વાડીનો લીમડો બળી ગયેલ છે. તેવી વાત કરતા આ ભાઈ બહેનોને સારૂ નહી લાગતા આ અસ્મિતાબેન અને કાજલબેને ખેડૂતને જેમ ફાવે તેમ ગાળો આપી જીતેશે પોતાના હાથમાં રહેલ દાતરડીનો એક ઘા ખેડૂતને દાઢીના ભાગે મારી ગંભીર ઈજા કર્યાની ફરિયાદ પોલીસમાં નોંધાઈ છે.

### રાજગોર બ્રહ્મસમાજની વાડી ખાતે

# અમરેલી ખાતે સોમવારે ભૂદેવો દ્વારા સામૂહિક રીતે જનોઈ બદલાવશે

## તમામ ભૂદેવોને જોડાવવા અનુરોધ થયો

અમરેલી, તા. ૧૪

અમરેલી ખાતે આગામી સોમવારને રક્ષાબંધનનાં દિવસે બ્રહ્મસમાજ દ્વારા રાજગોર બ્રહ્મસમાજની વાડી ખાતે સમૂહમાં વિધિવિધાન સાથે યજ્ઞોપવિત (જનોઈ) બદલવામાં આવશે.

પ્રજાપતી અને જનોઈ વ્યવસ્થા બ્રહ્મસમાજ ધ્વારા કરાશે. પૂજાનાં પાત્રો, તરભાણ, થાળી, ચમચી, પંચપાત્ર વિગેરે વસ્તુઓ સાથે લઈ આવવાની રહેશે.

### અનોખી રીતે રાષ્ટ્ર પ્રેમ અભિવ્યક્ત કર્યો

# અમરેલીના વરિષ્ઠ નાગરિકે તિરંગા યાત્રા માટે મોટર સાઈકલ પર વિશેષ સુશોભન કર્યુ

## રાષ્ટ્રધર્મ મારા માટે સર્વોપરી વરિષ્ઠ નાગરિક ડી.જી. મહેતા



અમરેલી, તા. ૧૪

રાષ્ટ્રધર્મ મારા માટે સર્વોપરી છે. દેશના જવાનો, તિરંગા માટે મને વિશેષ પ્રેમ છે.',આ શબ્દો છે અમરેલી નગરના ૭૩ વર્ષીય વરિષ્ઠ નાગરિક ડી.જી. મહેતાના. અમરેલી જિલ્લા વહીવટી તંત્ર દ્વારા આયોજિત જિલ્લા કક્ષાની 'તિરંગા યાત્રા'માં અમરેલીના વરિષ્ઠ નાગરિક ડી.જી. મહેતાએ મોટરસાઈકલને અનોખી રીતે શણગારી, રાષ્ટ્રપ્રત્યેનો તેમનો પ્રેમ અને રાષ્ટ્રભાવના અભિવ્યક્ત કર્યા હતા. મહેતાની સુશોભિત આ મોટર સાઈકલે અનોખું આકર્ષણ જમાવ્યું હતું.

મહેતાએ કહ્યુ કે, એક મહિનાની મહેનત બાદ મોડીફીકેશન કરી અને તૈયાર કરેલી આ મોટર સાઈકલમાં દેશભક્તિ અને સંસ્કૃતિના ભાતીગળ રીતે રંગો ઉમેરવા હતા. તેમણે ઉમેર્યુ કે, હું જિલ્લા પંચાયતમાં કર્મયોગી તરીકે ફરજ પર હતો, નિવૃત્ત થયો ત્યારબાદ રાષ્ટ્રભક્તિ અને નાગરિક ધર્મના ભાગઢપે આ પ્રકારની પ્રવૃત્તિઓ સાથે જોડાયેલો રહ્યો છું.

શહીદને શ્રધ્ધાંજલી આપવા તેમણે, મોટરસાઈકલની આગળ લગાડેલા કટઆઉટમાં અમરેલીના જ એક વીરશહીદ મનિષ મહેતાની તસવીર મૂકી છે, તેમ જણાવી ઉમેર્યુ કે, દેશની સેના અને તિરંગા પ્રત્યે મને અપાર પ્રેમ છે. વર્ષોથી હું આ પ્રવૃત્તિ સાથે જોડાયેલો છું.

કાર્યક્રમના પ્રારંભે વિધાનસભાના નાયબ મુખ્ય દંડક કૌશિકભાઈ વેકરિયાએ .ડી. જી. મહેતાને શુભકામનાઓ પાઠવી, રાષ્ટ્રપ્રેમ માટેની તેમની અભિવ્યક્તિને બિરદાવી હતી. શ્રી મહેતાએ વધુમાં જણાવ્યુ કે, દેશભક્તિના કાર્યો મને ગમે છે. નિરાધારો માટે ટિફિન સેવા સહિતની સેવાકીય પ્રવૃત્તિ પણ કરું છુ અને નાગરિક તરીકેની મારી ફરજ અને ધર્મ અદા કરૂ છું.

### સમગ્ર પંથકનુ ગૌરવ વધારતી ઘટના

# બાબરા : વી. એલ. ગેલાણી શાળાનો વિદ્યાર્થીને ગોળા ફેક સ્પર્ધામાં ગોલ્ડ મેડલ

## શાળા પરિવારનાં કાળુભાઈ ગેલાણીએ શુભેચ્છા પાઠવી

બાબરા, તા. ૧૪

બાબરામાં વી.એલ ગેલાણી વિદ્યાલયમાં ધોરણ ૧૨માં અભ્યાસ કરતો સાંગડીયા ઋત્વિક જિલ્લા કક્ષાએ એથ્લેટીકસ રમતમાં ગોળા ફેક સ્પર્ધામાં પ્રથમ નંબર પ્રાપ્ત કરી ગોલ્ડ મેડલ મેળવી શાળાનું ગૌરવ વધારતા વી.એલ. ગેલાણીના ટ્રસ્ટી કાળુભાઈ ગેલાણી અને અચાર્ય ઈલાબેન ગેલાણી દ્વારા વિદ્યાર્થીને શુભેચ્છા પાઠવી બહુમાન કર્યુ હતુ.



# બગસરા ખાતે યોજાનાર જિલ્લા કક્ષાના કાર્યક્રમમાં મંત્રી કુંવરજીભાઈ બાવળીયાની ઉપસ્થિતિ

### "તિરંગા લહેરાય"

હર ઘર તિરંગા તિરંગા લહેરાય
ભારત – માતા વંદના થાય
તિરંગા લહેરાય..!!
તિરંગા-ભારત-ગૌરવ ગણાય
સ્વાતંત્ર્ય દિન – ઉત્સવ ઉજવાય
તિરંગા લહેરાય..!!
અમ હૈયે આંનદના સમાય
તિરંગા – સન્માન હર ઘર થાય
તિરંગા લહેરાય..!!
ભારત માતા સસ્મિત પ્રસન્ન થાય
''શરદ'' – પૂનજ તેજે ભારત સોહાય
તિરંગા લહેરાય..!!

કવિ શ્રી : શરદકુમાર ધીરજલાલ દવે ''શાસ્ત્રી'' – ભાગવત કથાકાર – હસ્તરેખા – જયોતિષ – વાસ્તુશાસ્ત્ર – સલાહકાર (અમરેલી)
મો – ૯૪૨૭૮ ૧૭૦૬૭
ફોન ૦૨૭૯૨ – ૨૨૭૯૨૮


અમરેલી, તા. ૧૪

૧૫ ઓગસ્ટ, ૨૦૨૪ને ગુરૂવારના રોજ ૭૮મા સ્વાતંત્ર્ય પર્વની ગરિમાપૂર્ણ રીતે હર્ષોલ્લાસ સાથે દેશવ્યાપી ભવ્ય થશે. રાષ્ટ્રભરમાં ધ્વજ વંદન, સાંસ્કૃતિક કૃતિ સહિતના વિવિધ કાર્યક્રમો થશે. તા.૧૫ ઓગસ્ટ, ૨૦૨૪ના રોજ સવારે ૮.૩૦ વાગ્યે, રાજયના જળસંપતિ અને પાણી પુરવઠા મંત્રી કુંવરજીભાઈ બાવળીયાની પ્રેરક ઉપસ્થિતિમાં બગસરા સ્થિત ઝવેરચંદ મેઘાણી હાઈસ્કૂલ ખાતે અમરેલી જિલ્લા કક્ષાનો ભવ્ય કાર્યક્રમ યોજાશે. અમરેલી જિલ્લા કલેકટર અજય દહિયા, જિલ્લા વિકાસ અધિકારી, જિલ્લા પોલીસ વડા, અધિકારી- કર્મચારીઓ, ભૂલકાંઓ અને નાગરિકો જોડાશે. વધુમાં વધુ નાગરિકોને આ કાર્યક્રમમાં જોડાવા અમરેલી જિલ્લા વહીવટી તંત્ર દ્વારા અનુરોધ કરવામાં આવ્યો છે.

# લીલીયાના કણકોટ ગામે જુગાર રમતા ૫ ઈસમો ઝડપાયા

અમરેલી, તા. ૧૪

લીલીયા તાલુકાના કણકોટ ગામે રહેતા બુધાભાઈ ટપુભાઈ માલકીયા, ચંદુભાઈ બચુભાઈ ડાભી, વિજયભાઈ જગદિશભાઈ સરવૈયા, હિંમતભાઈ બચુભાઈ રામાણી, પ્રકાશભાઈ મીઠાભાઈ રાણપરીયા, રવીભાઈ ભુપતભાઈ બાભંવા, પીન્ટુભાઈ ધીરૂભાઈ રામાણી સહિત સાતેય ઈસમો તા.૧૩ના રોજ સાંજે ૬ વાગ્યે કણકોટ ગામે જાહેરમાં પૈસા-પાના વડે તીનપત્તીનો હારજીતનો જુગાર રમતાં હોય આ અંગે લીલીયા પોલીસને બાતમી મળતાં પોલીસે દરોડો પાડી રોકડ રકમ રૂ.૧૨,૩૮૦ ના મુદ્દામાલ સાથે ૫ આરોપી પકડાઈ જઈ તથા ૨ આરોપી નાસી જતા પોલીસે બનાવ અંગે ધોરણસર કાર્યવાહી હાથ ધરેલ છે.




અમરેલીનાં સ્વાતંત્ર્ય સેનાનીને
કોટી કોટી વંદન



દેવજીભાઈ ટાભાભાઈ પરમાર
:: સરનામું ::
વેસ્ટર્ન પાર્ક, દ્વારકેશ નગર, ચિતલ રોડ, અમરેલી.
મો.નં. ૯૪૨૬૯૧૧૫૪૬

દેવજીભાઈ ટાભાભાઈ પરમાર જેઓએ આઝાદી સમયે ૧૯૪૨માં સાબરસ સત્યાગ્રહમાં ધરપકડ થયેલ તે સમયે સાબરમતી જેલમાં સજા ભોગવેલ અને દેશને આઝાદ કરવામાં તેઓનો પણ ફાળો હોય જેથી આઝાદી ના ૭૭ વર્ષ પૂર્ણ થતાં હોય તેઓને ખૂબ ખૂબ અભિનંદન સહ કોટી કોટી વંદન......

:: શુભેચ્છક ::
શરદચંદ્ર દેવજીભાઈ પરમાર   શિતલ શરદચંદ્ર પરમાર
આર્યન શરદચંદ્ર પરમાર   ચાંદની શરદચંદ્ર પરમાર
વંશીકા શરદચંદ્ર પરમાર



# લાઠી, દામનગર, સાવરકુંડલા, લીલીયા, કુંકાવાવ સહિતના વિસ્તારોમાં ઉમંગભેર તિરંગા યાત્રા યોજાઈ



અમરેલી જીલ્લામાં સ્વાતંત્ર્ય પર્વ અંતર્ગત 'હર ઘર તિરંગા' અભિયાનનો અનેરો ઉત્સાહ છે. જીલ્લામાં તાલુકા અને નગરપાલિકા કક્ષાની ઉજવણી અંતર્ગત ઠેર–ઠેર તિરંગા યાત્રાઓ યોજવામાં આવી રહી છે. ભારતની આન, બાન, અને શાન એવા તિરંગાનું વિતરણ પણ શરૂ છે. સમગ્ર અમરેલી જીલ્લો દેશભકિતના રંગોમાં જીલ્લાના લાઠી, દામનગર, લીલીયા, સાવરકુંડલા, કુંકાવાવ સહિતના તાલુકાઓના શહેરી અને ગ્રામ્ય કક્ષાએ ઉત્સાહભેર તિરંગા યાત્રા યોજાઈ, વિદ્યાર્થીઓ, મહાનુભાવો, સ્થાનિક પ્રતિનિધીઓ અને નાગરિકો સહિતના તિરંગા યાત્રામાં જોડાયા હતાં. કુંકાવાવ મુકામે પણ મહાનુભાવોની ઉપસ્થિતિમાં તિરંગા યાત્રામાં જોડાયા હતાં. કુંકાવાવ મુકામે પણ મહાનુભાવોની ઉપસ્થિતિમાં તિરંગા યાત્રા યોજાઈ હતી જેમાં અનેરો ઉત્સાહ જોવા મળ્યો હતો. સાંસદ ભરતભાઈ સુતરિયા, વિધાનસભાના નાયબ મુખ્ય દંડક કૌશિકભાઈ વેકરિયા અને લાઠી–બાબરા વિસ્તારના ધારાસભ્ય જનકભાઈ તળાવિયાની પ્રેરક ઉપસ્થિતિમાં લાઠીમાં તિરંગા યાત્રા યોજાઈ હતી. નાગરિકોએ નગરની વચ્ચે તિરંગા સાથે જોશભેર યાત્રા કાઢી ઉત્સાહ દર્શાવ્યો હતો. લાઠીમાં યુવતીઓ દ્વારા કરવામાં આવેલી તલવારબાજીએ આકર્ષણ જમાવ્યું હતું. ધારાસભ્ય જનકભાઈ તળાવિયાની પ્રેરક ઉપસ્થિતિમાં દામનગર નગરપાલિકા આયોજીત તિરંગા યાત્રા યોજાઈ હતી. નગરજનોએ દેશભકિત ગીતોના તાલ પર શહેરમાં શાનથી તિરંગો લઈ ભ્રમણ કર્યુ હતું. ધારાસભ્ય મહેશભાઈ કસવાલાની પ્રેરક ઉપસ્થિતિમાં સાવરકુંડલા અને લીલીયા તાલુકાના નગરો સહિતના વિસ્તારોમાં તિરંગા યાત્રા યોજાઈ હતી. વિદ્યાર્થીઓ, નગરજનો અને અધિકારીઓ, કર્મયોગીઓએ નગરમાં ભ્રમણ કરી તિરંગા યાત્રા થકી દેશભકિતનો માહોલ ઉજાગર કર્યો હતો. તા. ૧૪ ઓગસ્ટ, ૨૦૨૪ને બુધવારના રોજ ૯ વાગ્યે અમરેલી મુકામે જીલ્લા કક્ષાની તિરંગા યાત્રા પ્રસ્થાન થશે. નાગરિકોને આ તિરંગા યાત્રામાં જોડાવવા અમરેલી જીલ્લા વહીવટી તંત્ર દ્વારા અનુરોધ કરવામાં આવ્યો છે.

પાના ૧ ઉપરનું ચાલું

## અમરેલીમાં પ હજાર જેટલા નગરજનો દ્વારા

અમરેલી નગરના વિવિધ માર્ગો પરથી પસાર થઈ આ યાત્રા ફોરવર્ડ સર્કલ ખાતે પૂર્ણ કરવામાં આવી હતી. યાત્રામાં પોલીસ બેન્ડ અને સેન્ટ મેરી શાળાના બેન્ડ, પોલીસનાઅ દળના જવાનો, યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગના કલાકારોના ટેબ્લોએ આકર્ષણ જમાવ્યું હતું. આ કલાકારોએ પારંપારિક વેશભૂષામાં સજજ થઈ આ યાત્રામાં જોડાઈ તેમનું યોગદાન આપ્યું હતું.

તિરંગા યાત્રાના પ્રારંભે વિધાનસભાના નાયબ મુખ્ય દંડક કૌશિકભાઈ વેકરિયાએ જણાવ્યુ કે, વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના આહવાનથી શરૂ થયેલા 'હર ઘર તિરંગા' કાર્યક્રમના કારણે દેશનો દરેક વ્યકિત ઘરે તિરંગો લહેરાવી શકે છે. અમરેલી જિલ્લાના દરેક વ્યકિતને પોતાના ઘરે તિરંગો લહેરાવાનો અનુરોધ છે.

અમરેલી જિલ્લા કલેકટર અજય દહિયાએ તિરંગા યાત્રાના પ્રસ્થાન પૂર્વે કહ્યુ કે, સ્વાતંત્ર પર્વના ભાગરૂપે લોકોના ઘરે ઉત્સાહભેર તિરંગો લહેરાવવામાં આવ્યો છે. તમામ તાલુકામાં તિરંગા યાત્રા યોજાઈ છે. આ તિરંગા યાત્રાથી આઝાદીના વીરો, બલિદાન આપનારાઓની સ્મૃતિ તાજી થાય છે. નાગરિકોને પ્રેરિત કરવાની આ યાત્રા છે. અમરેલી જિલ્લાના નાગરિકો રાષ્ટ્રને એક કરવા માટે સહભાગી થાય તેવો અનુરોધ તેમણે કર્યો હતો.

કાર્યક્રમમાં વિવિધ કચેરીઓના અધિકારીઓ, શહેરની વિવિધ શાળાઓ નૂતન હાઈસ્કુલ, ટી.પી.એમ.ટી. ગાંધી હાઈસ્કુલ, અજમેરા હાઈસ્કુલ, દીપક સ્કુલ, જી.જી. બેન ગર્લ્સ સ્કુલ, વિદ્યા ગુરૂ સાયન્સ સ્કુલ, કે.બી. ઝાલાવાડીયા શાળા, સેન્ટ મેરી હાઈસ્કુલ, ઓકસફોર્ડ સ્કુલ ઓફ સાયન્સ, ફોરવર્ડ સ્કુલ, આર્યભટ્ટ અંગ્રેજી માધ્યમ સ્માર્ટ સ્કુલ, સુખ નિવાસ પ્રાથમિક શાળા, પોલીસ લાઈન પ્રાથમિક શાળા, કન્યાશાળા નં. ૦૨, માણેકપરા પ્રાથમિક શાળા, બહારપરા કન્યા અને કુમાર શાળા, મ્યુનિસિપલ ગર્લ્સ સ્કુલ, કે.કે. પારેખ પ્રાથમિક શાળા, કમાણી આર્ટ્સ એન્ડ સાયન્સ કોલેજ, કે.કે. પારેખ કોમર્સ કોલેજ, મેડિકલ કોલેજના વિદ્યાર્થીઓ, એન.સી.સી.ના કેડેટસ, એન.એસ.એસ.ના સ્વયંસેવકો, સ્કાઉટ ગાઈડ, ડી.એલ.એસ.એસ.ના ખેલાડીઓ, વેપારી મંડળો, સામાજિક ધાર્મિક સંસ્થાના પ્રતિનિધિઓ, પોલીસના જવાનો અને નગરજનો જોડાયા હતા.

આ યાત્રામાં અમરેલી જિલ્લા કલેકટર અજય દહિયા, જિલ્લા વિકાસ અધિકારી પરિમલ પંડયા, પોલીસ અધિક્ષક હિમકરસિંઘ, અમરેલી પ્રાંત અધિકારી નાકીયા, જિલ્લા યુવા વિકાસ અધિકારી પરમાર, મામલતદાર, નગરપાલિકા ચીફ ઓફિસર તેમજ જિલ્લા વહીવટી તંત્રના અધિકારીઓ અને કર્મયોગીઓ તેમજ નગરજનો સાથે જોડાઈ અને તિરંગા યાત્રામાં સહભાગી થયા હતા.

## અમરેલી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શિંગ મઠડી | ૧૦૭૧ | ૧૧૮૭ |
| ૨ | શિંગ મોટી | ૯૦૦ | ૧૧૯૦ |
| ૩ | શિંગદાણા ફાડા | ૧૧૦૦ | ૧૫૧૬ |
| ૪ | તલ સફેદ | ૧૮૦૦ | ૨૫૯૦ |
| ૫ | તલ કાળા | ૨૫૦૦ | ૩૪૫૬ |
| ૬ | તલ કાશ્મીરી | ૩૩૪૫ | ૩૩૪૫ |
| ૭ | બાજરો | ૪૦૩ | ૫૩૨ |
| ૮ | જુવાર | ૪૫૦ | ૮૫૮ |
| ૯ | ઘઉં ટુકડા | ૪૪૨ | ૬૨૧ |
| ૧૦ | ઘઉં લોકવન | ૪૦૨ | ૬૦૧ |
| ૧૧ | મગ | ૧૧૨૦ | ૧૬૩૨ |
| ૧૨ | ચણા | ૧૦૪૫ | ૧૪૫૪ |
| ૧૩ | તુવેર | ૧૧૦૦ | ૧૮૦૦ |
| ૧૪ | કપાસ | ૯૯૨ | ૧૫૪૪ |
| ૧૫ | એરંડા | ૧૧૪૧ | ૧૧૫૯ |
| ૧૬ | જીરૂ | ૪૨૧૦ | ૪૬૧૦ |
| ૧૭ | રાયડો | ૯૭૫ | ૧૦૧૫ |
| ૧૮ | રાય | ૧૧૫૫ | ૧૧૫૫ |
| ૧૯ | અજમા | ૨૦૫૦ | ૨૮૦૦ |
| ૨૦ | મેથી | ૧૦૩૫ | ૧૨૦૫ |
| ૨૧ | સોયાબીન | ૭૦૦ | ૮૧૯ |
| ૨૨ | રજકાનુ બી | ૧૪૦૦ | ૫૦૦૦ |

## ખાખરીયા પ્રાથમિક શાળામાં એક વૃક્ષ મા કે નામ અંતર્ગત વૃક્ષારોપણ કરાયુ



તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

બાબરા, તા. ૧૪

બાબરામાં તાલુકાની પ્રાથમિક શાળા ખાતે એક વૃક્ષ મા કે નામ અંતર્ગત વૃક્ષારોપણ કરવામાં આવ્યુ હતુ. જિલ્લા પંચાયતના સભ્ય નીતિનભાઈ રાઠોડભાઈ અધ્યક્ષ સ્થાને આયોજિત વૃક્ષારોપણ કાર્યક્રમમાં ગ્રામ પંચાયતના સરપંચ વિપુલભાઈ કાચેલા, શાળાના આચાર્ય શૈલેષભાઈ યાદવ સહિતના શિક્ષકો અને સ્થાનિક અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## બગસરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | ચણા | ૧૩૦૦ | ૧૪૨૩ |
| ૨ | ઘઉં લોકવન | ૫૨૫ | ૫૫૪ |
| ૩ | ઘઉં ટુકડા | ૪૫૦ | ૪૦૧ |
| ૪ | સોયાબીન | ૭૫૦ | ૭૭૩ |
| ૫ | તલ સફેદ | ૨૧૦૧ | ૨૧૦૧ |
| ૬ | બાજરો | ૪૪૦ | ૪૪૦ |
| ૭ | શીંગદાણા | ૧૫૨૫ | ૧૫૨૫ |
| ૮ | મગફળી | ૭૭૫ | ૭૭૫ |
| ૯ | ધાણા | ૧૨૦૦ | ૧૨૦૦ |

## રાજુલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | તલ સફેદ | ૧૮૦૦ | ૨૪૨૫ |
| ૨ | કપાસ | ૮૦૧ | ૧૪૪૦ |
| ૩ | બાજરો | ૪૭૧ | ૫૩૬ |
| ૪ | ઘઉં ટુકડા | ૫૧૦ | ૫૮૦ |
| ૫ | જુવાર | ૬૦૦ | ૭૧૩ |
| ૬ | મગ | ૧૫૦૦ | ૧૫૩૨ |
| ૭ | ચણા | ૧૧૭૬ | ૧૪૬૦ |
| ૮ | શીંગદાણા | ૧૨૦૦ | ૧૫૦૦ |
| ૯ | રાજગરો | ૧૫૦૦ | ૧૫૦૦ |

## સાવરકુંડલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ મોટી | ૧૧૦૦ | ૧૧૫૦ |
| ૨ | તલ સફેદ | ૨૨૭૧ | ૨૪૭૫ |
| ૩ | તલ કાળા | ૩૨૦૦ | ૩૪૧૬ |
| ૪ | જીરૂ | ૪૫૦૦ | ૪૭૧૨ |
| ૫ | કપાસ | ૧૧૧૪ | ૧૪૮૩ |
| ૬ | ઘઉં લોકવન | ૫૦૦ | ૫૮૪ |
| ૭ | ઘઉં ટુકડા | ૫૫૦ | ૫૯૦ |
| ૮ | બાજરો | ૪૩૫ | – |
| ૯ | જુવાર | ૬૯૯ | – |
| ૧૦ | મકાઈ | ૫૬૧ | – |
| ૧૧ | ચણા | ૧૧૩૧ | ૧૪૫૧ |
| ૧૨ | તુવેર | ૧૯૫૨ | ૧૯૫૨ |

## કુતાણા : ગામનાં રમેશભાઈ રાઠોડનું ઝેરી દવા પી જવાથી મોત

અમરેલી, તા. ૧૪

લીલીયા તાલુકાના કુતાણા ગામે રહેતા રમેશભાઈ ગોવિંદભાઈ રાઠોડ છેલ્લા પાંચેક વર્ષથી માનસીક અસ્થિર હોય. જેથી તેના કારણે કંટાળી જઈ તા. ૧૨ ના રાત્રે ૧૧થી તા. ૧૩ના સવારે ૬ વાગ્યા દરમ્યાન કુતાણા ગામે પોતે પોતાની મેળે ઝેરી જંતુનાશક દવા પી જતા સારવાર અર્થે અમરેલી સિવિલ હોસ્પિટલ ખાતે લઈ જતા ફરજ પરના ડોકટરે મરણ ગયેલાનું જાહેર કરેલ હતું.

## અવસાન નોંધ

**અમરેલી :** બગસરા તાલુકાના જૂના વાઘણીયા નિવાસી મહેશભાઈ ગોવિંદજીભાઈ મશરૂનું તા. ૧૩ને મંગળવારનાં રોજ અવસાન થયેલ છે. તેમનું બેસણું તા. ૧૫ને ગુરૂવારનાં રોજ બપોરનાં ૩ થી સાંજના ૫ વાગ્યા સુધી ભીડભંજન મહાદેવ જૂના વાઘણીયા મંદિરે ખાતે રાખેલ છે. પિયર પક્ષની સાદડી પણ સાથે રાખેલ છે.



## ખેતીની જમીન વેચાણ અંગેની જાહેર નોટિસ

**મોજે.– બાદનપૂર જૂના ગામ, તાલુકોઃકુંકાવાવ–વડિયા, જિલ્લો–અમરેલી રેવન્યુ સર્વે નંબર–૨૫૨ ના હે.આરે.ચો.મી. ૧–૬૫–૩૨ વાળી જમીનના ખાતા નંબર–૩૪૯**

અમો યોગેશભાઈ ડી. દવે (એડવોકેટ એન્ડ નોટરી) આથી આ જાહેર જનતાને જાણ કરીએ છીએ કે,

**મોજે.– બાદનપૂર જૂના ગામ, તાલુકોઃકુંકાવાવ–વડિયા, જિલ્લો–અમરેલી રેવન્યુ સર્વે નંબર–૨૫૨ ના હે.આરે.ચો.મી. ૧–૬૫–૩૨ વાળી જમીનના ખાતા નંબર–૩૪૯** વાળી પિયત ખેતીની જમીન **(૧) શ્રી હંસરાજભાઈ રામજીભાઈ કુંજડીયા, રે. શિવરાજગઢ, તાલુકોઃ ગોંડલ, જિ.રાજકોટ**ના સ્વતંત્ર નામે આવેલ છે આ ખેતીની જમીન તેમની સંપૂર્ણ માલીકીની, બિન બોજાની, બીન તકરારી તથા ન દાવા વાળી હોવાનું જણાવી અમારા અસીલશ્રીએ વેચાણ રાખવાનું નકકી કરેલ છે.

તો ઉપરોકત જમીન કે તેના કોઈપણ ભાગ ઉપર કોઈપણ નાણાકીય સંસ્થા બેંક, કંપની, પેઢી કે સંસ્થા કે કોઈ પણ શખ્સનો કોઈપણ પ્રકારનો હકક, હિત, હિસ્સો, સંબધ, લાગભાગ, ભાગીદાર, દાવો, બોજો, ગીરો લીયન, ચાર્જ હોય કે અન્ય હકક જેમ કે ઉપજ–નીપજ / ખેતી / ગણોત/ લી ઝ લાયસન્સ/ કબ્જો ભોગવટો / બાનાખત કે રહેણાંકના કે વારસાઈ કે અન્ય કોઈપણ પ્રકારના હકક પોસાતા હોય તો જે તે સંબંધકર્તાએ વાંધો–તકરારની જાણ આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન–૧૫(પંદર) માં દરસ્તાવેજ પુરાવા સહિત લેખિતમાં રજીસ્ટર્ડ પોસ્ટથી નીચેના સરનામે અચુક જાણ કરવી જો તેમ કરવામાં નહી આવે તો સદર જમીન કે તેના કોઈ ભાગ પરત્વે અન્ય કોઈના કોઈ જ હકક, હિત, હિસ્સો, સબંધ, લાગ–ભાગ, ભાગીદારી, દાવો, બોજો, ગીરો લીયન, ચાર્જ નથી તેમ માનવામાં આવશે અને હોય તો તે તમામ રાજીખુશી જતો યાને (વેવ) કરેલ છે તેમ સમજી અને અમારા અસીલ રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ કરાવી લેશે ત્યારબાદ કોઈની કોઈપણ પ્રકારની દાદ, ફરીયાદ કે વિવાદ ચાલશે નહીં.

**તા. ૧૫/૦૮/૨૦૨૪**
**સ્થળ : મોટી કુંકાવાવ**

**એડવોકેટ & નોટરી યોગેશ ડી. દવે** (B.Com., LL.B.)
**મો.નં. ૯૧૦૬૧ ૫૦૬૧૦, મો.નં. ૯૪૨૬૩ ૯૮૯૬૦**
શારદાર શોપીંગ સેન્ટર, ઓફિસ નં.૪૬, મોટી કુંકાવાવ, તા. વડીયા, જી.અમેરલી


## ધારી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | ઘઉં | ૫૨૫ | ૫૪૯ |
| ૨ | ચણા | ૧૧૯૦ | ૧૧૯૦ |
| ૩ | બાજરો | ૩૫૦ | ૩૫૦ |
| ૪ | શીંગ ફાડા | ૧૧૧૧ | ૧૧૧૧ |
| ૫ | સોયાબીન | ૭૯૩ | ૭૯૩ |
| ૬ | ગમ ગુવાર | ૯૦૦ | ૯૦૦ |



## જાહેર નોટિસ

**મહે.ખાંભાના જયુડી.મેજી.ફર્સ્ટ કલાસ સાહેબશ્રીની કોર્ટમાં, મુ.ખાંભા**

અરજદાર :– બાલુભાઈ શામજીભાઈ સોલંકી, રે. પીપળવા, તા.ખાંભા, જિ.અમરેલી. ફો.પ.અ.નં.૧૭૮/૨૦૨૪ મુદ્દત : તારીખ : ૦૫/૦૯/૨૦૨૪

**// વિરૂધ્ધ //**

સામાવાળા :– જન્મ–મરણ નોંધણી અધિકારીશ્રી/ ત.ક.મંત્રીશ્રી, ગ્રામ પંચાયત કચેરી, પીપળવા, તા.ખાંભા, જિ. અમરેલી.

**અરજદારનાં વિ. વકીલશ્રી : જે. એન. જોષી**

**// જાહેર નોટિસ //**

આથી આ જાહેર નોટિસ આપી જણાવવામાં આવે છે કે, ઉપરોકત અરજદારના માતૃશ્રી સ્વ.મોંઘીબેન શામજીભાઈ સોલંકી ડો.ઓ.કુકાભાઈ ડાયાભાઈ જાદવનું અવસાન **તા.૨૦/૦૮/૧૯૮૫**ના રોજ મોજે ગામ : પીપળવા, તા.ખાંભા, મુકામે થયેલ અને તેની જન્મ – મરણ નોંધણી રજીસ્ટરે નોંધ કરાવવા અંગે અત્રેની અદાલતમાં જન્મ – મરણ નોંધણી અધિનિયમ કલમ–૧૩ (૩) મુજબ હાલની અરજ કરેલ છે. જેથી અરજદારની માંગણી મુજબ અરજદારનાં માતૃશ્રીનાં અવસાન અંગેની નોંધ કરાવવા અંગેનો હુકમ શા માટે ન કરવો તેનું કારણ દર્શાવવા **મુદત તા.૦૫/૦૯/૨૦૨૪**ના રોજ **કલાક ૧૦:૩૦** વાગ્યે સુનાવણી રાખવામાં આવેલ છે. આથી જે કોઈ ઈસમ તથા સરકારી / અર્ધસરકારી કચેરી, પેઢી, મંડળી, વ્યકિત, સ્વાયત સંસ્થા વિગેરેને સદરહું અરજી સામે વાંધો કે તકરાર હોય તો તેઓએ સદરહું મુદત તારીખે અદાલત સમક્ષ જાતે અથવા પોતાના માહિતગાર વકીલ/મુખત્યાર મારફતે અત્રેની કોર્ટમાં હાજર રહેવું. જો તેમ કરવામાં કસુર કરશો તો કાયદા અન્વયે યોગ્ય તે હુકમ કરવામાં આવશે જેની નોંધ લેશો.

આજરોજ તા.૦૮ મી, માહે ઓગષ્ટ, સને ૨૦૨૪ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો

**તૈયાર કરનાર (ડી.એમ.કલસરીયા) આસીસ્ટન્ટ** | સિક્કો | **મુકાબલ કરનાર (ડી.જે.પઠાણ) આસીસ્ટન્ટ** | **હુકમથી (પી.કે.હઠીનારાયણ) રજીસ્ટ્રાર – ખાંભા**

## જાહેર જનતા જોગ નોટિસ

આથી અમો કિશોરભાઈ એન. ખાખડીયા, બી.કોમ. એલએલ.બી એડવોકેટ એન્ડ નોટરી રહે. અમરેલીના આથી જાહેર જનતા જોગ આ નોટીસ આપીને જણાવીએ છીએ કે,

**૧.** મોજે સાજીયાવદર તા.જી.અમરેલી ગામની ખાતા નં.૯૫૫ સ.ન.૧૧૯ હે.આરે. ૧–૮૧–૯૦ ચો.મી તથા સ.ન.૨૮૩ પૈકી ૧ હે.આરે. ૦–૩૩–૫૬ ચો.મી. તેમજ માળીલા તા.જી. અમરેલી ગામના ખાતા નં.૫૩૦ સ.ન.૧૩૫ હે.આરે. ૫–૩૦–૯૦ ચો.મી. વાળી ખેતીની ઉપરોકત ત્રણેય જમીનો પ્રભાબેન મગનભાઈ ઠુમ્મરના નામે રેવન્યુ રેકર્ડમાં ચાલે છે.

**૨.** ઉપરોકત જમીનો મારા અસીલે વેચાણ રાખવા માટે તેઓ સાથે બાનાખત કરેલ છે. અને ટૂંક સમયમાં ઉપરોકત ત્રણેય સર્વે નંબરવાળી જમીનનો તેઓ દસ્તાવેજ કરાવી લેવા માંગે છે. જેથી ઉપરોકત ખેતિની જમીનોનું ટાઈટલ કે માલીકી, તેના કબજા સબંધે જો કોઈપણ ઈસમોને વાંધા તકરાર હોય કે તેમાં લાગભાગ, હક્ક, હીત, હિસ્સો, દરદાવો, ગીરો, કરજ બોજો, વારસાઈ હક્ક કે, ભરણપોષના હક્કો કે કોઈપણ પ્રકારના હક્ક હીસ્સા સમાયેલા હોય તો તેવા ઈસમે આ નોટીસ પ્રસિધ્ધ થયાના દિવસ–૮ માં અમારા નીચે જણાવેલ સરનામે તમામ આધાર પુરાવા સાથે હાજર રહીને વાંધાઓ રજૂ કરવા આ નોટીસથી જાણ કરવામાં આવે છે. અને ઉપરોકત મુદત સમય દરમ્યાન કોઈપણનાં વાંધા તકરાર આવશે નહિ અને વાંધા તકરાર હોય તો તેઓએ સ્વેચ્છાએ જતા કરેલ છે. તેમ માની અમારા અસીલ સદરહું ત્રણેય સર્વે નંબરોવાળી જમીન પરત્વેની તમામ કાયદેસરની કાનુની કાર્યવાહી પૂર્ણ કરી વેચાણ દસ્તાવેજો કરાવી લેશે. અને જમીનનો કબજો સંભાળી લેશે. ત્યારબાદ કોઈપણના વાંધા તકરાર અમારા અસીલને શુધ્ધબુધ્ધિથી ખરીદનાર તરીકે બંધનકર્તા રહેશે નહિ. જેની આથી લાગતા વળગતા તથા જાહેર જનતાએ સ્પષ્ટ નોંધ લેવી.

**અમરેલી.**
**તા.૧૫/૮/૨૦૨૪**

**:: સરનામું ::**
કિશોરભાઈ એન. ખાખડીયા, એડવોકેટ એન્ડ નોટરી,
ઠે.૫૦, ગ્રાઉન્ડ ફ્લોર, સરદાર શોપીંગ સેન્ટર,
જીલ્લા પંચાયત કચેરી સામે, મું. અમરેલી.
અસીલની સુચના અને વતી,
(કિશોરભાઈ એન. ખાખડીયા)
એડવોકેટ એન્ડ નોટરી


## બાબરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ શંકર | ૧૩૬૦ | ૧૬૦૦ |
| ૨ | મગફળી | ૧૦૭૦ | ૧૧૩૦ |
| ૩ | ઘઉં | ૪૮૧ | ૫૨૯ |
| ૪ | તલ | ૨૨૮૦ | ૨૩૫૦ |

**ભારતમાં સૌથી સારો મેડીકલેઇમ**

મેડીકલેઇમ લેતી વખતે જો તમોને

(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.)
(૩) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ

જેવી ઉપરની ચાર બીમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે આ ચારેય બીમારીઓમાં પણ અમારા મેડીકલેઇમમાં ફક્ત-૩૦ દિવસ પછી સારવારનો ખર્ચ મળશે.

કેશલેશની સગવડ

સંપર્ક : **પાર્થ ઇન્વેસ્ટમેન્ટ**

જય કોમ્પ્લેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.

અશ્વિનભાઇ પંડયા મો. ૯૪૨૬૯ ૬૩૬૧૧ | પાર્થ પંડયા મો. ૮૪૬૦૫ ૫૦૬૬૦



**"અમરેલી એક્સપ્રેસ"**

અમરેલી શહેરમાં આપને "અમરેલી એક્સપ્રેસ" દૈનિક અનિયમિત મળતું હોય તો તુરંત જ સંપર્ક કરો.

સુમીત ચંદારાણા મો. ૮૭૩૫૦ ૧૨૯૨૭









**જીજ્ઞેશ એજન્સી**

લાઠી બાયપાસ ચોકડી, યામાહા શો-રૂમ, અમરેલી.

મો. ૭૦૪૮૬ ૮૨૦૦૪ / ૭૦૪૮૭ ૮૨૦૦૪






**આલ્ફા ઓટોલિંક**

સર્વે નં.૧૫૧, ૧૫૨, બાયપાસ રોડ, અમરેલી.

સેલ્સ : 9904649999 સર્વિસ : 9904549999






ઓથો.ડિલર **પરીખ હોન્ડા**

રેલ્વે સ્ટેશન સામે, સ્ટેશન રોડ, અમરેલી. ફોન : (૦૨૭૯૨) ૨૨૨૨૦૧/૦૨ મો. ૯૭૨૨૨ ૩૨૩૨૨


## ૭૮માં સ્વાતંત્ર્ય દિન

નિમિત્તે

## હાર્દિક શુભકામનાઓ...




: શુભેચ્છક :

**શ્રી મનુભાઈ વલ્લભભાઈ દેસાઈ**

(અધ્યક્ષ : શ્રી ખોડલધામ સમાધાન પંચ : અમરેલી)

(પ્રમુખ : અમરેલી જિલ્લા ટીમ્બર માર્ટ એસોસીએશન)

**શ્રી ભગવાનભાઈ વલ્લભભાઈ દેસાઈ**

**શ્રી જયસુખભાઈ મનુભાઈ દેસાઈ**

**શ્રી વિજયભાઈ ભગવાનભાઈ દેસાઈ**

**દેસાઈ & કું. દેસાઈ કોટેક્ષ ચિતલ**

**બટરફલાય વુડસ ગાંધીધામ**

---

**૭૮માં સ્વાતંત્ર્ય દિન** નિમિત્તે **હાર્દિક શુભકામનાઓ...**

वतन पर जो फिदा होगा, अमर वो हर नौजवान होगा,
रहेगी जब तक दुनिया ये, अफसाना उसका बयां होगा।।
स्वतंत्रता दिवस की हार्दिक शुभकामनाएं



जय हिंद

શુભેચ્છક :

**શ્રી મોટાભાઈ સંવટ**

અધ્યક્ષ : ગુજરાત પ્રદેશ ગુજરાત રાજ્ય આંગણવાડી વર્કર્સ અને હેલ્પર્સ કર્મચારી ફેડરેશન
પ્રદેશ મહામંત્રી : પ્રધાનમંત્રી જનકલ્યાણકારી યોજના પ્રચાર-પ્રસાર અભિયાન
સહ મંત્રી : ઓલ ઈન્ડીયા વિવિધ કર્મચારી ફેડરેશન (નવી દિલ્હી)
મેને.ટ્રસ્ટી : ડો. જીવરાજ મહેતા સ્મારક ટ્રસ્ટ - અમરેલી
ઉપ સંપાદક : પરિષદ સંદેશ (આંગણવાડી કર્મચારી મુખપત્ર) પત્રકાર

---


પેન્ટ-શર્ટનું કાપડ ખરીદવા માટેનું વિશ્વાસપાત્ર સ્થળ...

(બાબરાવાળા)

**આનંદ**

**કલોથ સ્ટોર**

હરિ રોડ, અમરેલી

મો. ૯૪૨૬૯ ૪૩૬૪૪


---

**૭૮માં સ્વાતંત્ર્ય દિન**

નિમિત્તે

**હાર્દિક શુભકામનાઓ...**

CELEBRATE INDIA INDEPENCE DAY 15 TH AUGUST

: શુભેચ્છક :

**શ્રી કિશોરભાઈ એમ. પાઠક**

એડવોકેટ & નોટરી

લીલીયા મોટા



---

**૭૮માં સ્વાતંત્ર્ય દિન**

નિમિત્તે

**હાર્દિક શુભકામનાઓ...**

15th August INDEPENDENCE DAY

: શુભેચ્છક :



**શ્રી રવુભાઈ ખુમાણ**

પૂર્વ પ્રમુખ : નગરપાલિકા રાજુલા
પૂર્વ મહામંત્રી : જીલ્લા ભાજપ અમરેલી
કારોબારી સભ્ય : પ્રદેશ કિસાન મોરચા
(બોટાદ પ્રભારી) મું. રાજુલા, જી. અમરેલી.

---

**૭૮માં સ્વાતંત્ર્ય દિન**

નિમિત્તે

**હાર્દિક શુભકામનાઓ**

दे सलामी इस तिरंगे को
जिससे तेरी शान है
सर हमेशा ऊंचा रखना इसका
जब तक तुझमें जान है।

: શુભેચ્છક :

**આંબાવડ ગ્રામ પંચાયત**

મું. આંબાવડ, તા.ગીરગઢડા,
જિ. ગીર સોમનાથ

---

**૭૮માં સ્વાતંત્ર્ય દિન**

નિમિત્તે

**હાર્દિક શુભકામનાઓ...**

**શ્રી અમરવેલી નાગરિક શરાફી સહકારી મંડળી લી. અમરેલી**

(રજી.નં.એ.એમ.આર/સે.(શ) ૩૯૫૯૩/૨૦૧૭ તા.૧૯/૦૧/૨૦૧૭)

નારણ પ્લાઝા, બીજો માળ, ભીડભંજન મંદિર સામે, સહકાર ભવન, અમરેલી

ફોન.૦૨૭૯૨ – ૨૨૩૦૨૩




ચેરમેન : શ્રીમતી રેખાબેન એન. માવદીયા
મેનેજર : શ્રી જીતેન્દ્રભાઈ જે. મહેતા
તથા તમામ બોર્ડ ઓફ ડીરેક્ટર્સશ્રીઓ તેમજ કર્મચારીગણ

**શ્રી અમરવેલી નાગરીક શરાફી સહકારી મંડળી લી. અમરેલી**

---

**૭૮માં સ્વાતંત્ર્ય દિન**

નિમિત્તે

**હાર્દિક શુભકામનાઓ**

दे सलामी इस तिरंगे को
जिससे तेरी शान है
सर हमेशा ऊंचा रखना इसका
जब तक तुझमें जान है।

: શુભેચ્છક :

**અમરેલી ડીસ્ટ્રીકટ ચેમ્બર ઓફ કોમર્સ**

**મોટા બસ સ્ટેન્ડ વેપારી એસોસિએશન**

**કરિયાણા એસોસિએશન**

**ઈન્દિરા શોપીંગ સેન્ટર એસોસિએશન**

અમરેલી - ૩૬૫૬૦૧


૭૮માં સ્વાતંત્ર્ય દિન
નિમિત્તે
હાર્દિક શુભકામનાઓ...
78
INDEPENDENCE DAY OF INDIA
: શુભેચ્છક :
શ્રી ઘનશ્યામભાઈ ડોબરીયા
ભાજપ અગ્રણી
: સાવરકુંડલા :


૭૮માં સ્વાતંત્ર્ય દિન
નિમિત્તે
હાર્દિક શુભકામનાઓ...
શુભેચ્છક
ગોપાલભાઈ વસ્તરપરા
મુ. ચમારડી, તા. બાબરા.


૭૮માં સ્વાતંત્ર્ય દિન
નિમિતે
હાર્દિક શુભકામનાઓ...
શુભેચ્છક
શ્રી.ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ બગસરા,જી.અમરેલી.
- સતાસીયા કાંતીભાઈ શંભુભાઈ (ચેરમેનશ્રી)
- રફાળીયા સંજયભાઈ (વા.ચેરમેનશ્રી)
સદસ્યશ્રીઓ...
- કાનાણી ગોરધનભાઈ પોપટભાઈ
- પાનસુરીયા રવજીભાઈ લખમણભાઈ
- સતાસીયા રમેશભાઈ કાળુભાઈ
- સખવાળા બાબુભાઈ ભાણાભાઈ
- સાંગાણી મનસુખભાઈ ફુલાભાઈ
- રાંક દેવરાજભાઈ પરશોતમભાઈ
- વેકરીયા કાંતિભાઈ જાદવભાઈ
- અંટાળા ગોપાલભાઈ ભીખાભાઈ
- મોવલીયા જલ્પેશકુમાર બાવાભાઈ
- મુસાણી આસીફભાઈ જાનમહમદભાઈ
- ગોસાઈ મહેન્દ્રપરી ભોજપરી
- ડેરૈયા રાજુભાઈ દેવકુભાઈ
- હુંમર વિરજીભાઈ કેશવભાઈ
- સહકારી અધિકારી(બજાર)લગત જીલ્લા રજી.સા.સં.મં.
- તાલુકા વિસ્તરણ અધિકારી(ખેતી) લગત તાલુકા પંચાયત બગસરા.
શ્રી.ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ બગસરા,
મુ.બગસરા,જી.અમરેલી


૭૮માં સ્વાતંત્ર્ય દિન
નિમિત્તે
હાર્દિક શુભકામનાઓ...
''સ્વચ્છતા ત્યા પ્રભુતા'' ''સ્વચ્છ અમરેલી'' ''સુંદર અમરેલી''
અમરેલી નગર સેવા સદન - અમરેલી
૧૫મી ઓગષ્ટ, ૭૮માં સ્વાતંત્ર્ય દિન નિમિતે ખુબ ખુબ શુભકામનાઓ.
નગરપાલિકા દ્વારા ''સર્વનો સાથ શહેરનો વિકાસ'' ''સ્વચ્છ અમરેલી, સુંદર અમરેલી'' ઉક્તિને સાર્થક કરવા તમામ શહેરીજનોના સાથ અને સહકારની અપેક્ષા છે. ૧૫મી ઓગષ્ટ, ૨૦૨૪ ના સ્વાતંત્ર દિન નિમિત્તે નીચે મુજબનાં સંકલ્પ કરીએ.
(૧) નગરને સ્વચ્છ અને સુંદર બનાવવા સહયોગ આપીએ.
(૨) ઘરનો ભીનો કચરો-સુકો કચરો અલગ-અલગ કચરા પેટીમાં નાખીએ.
(૩) નગરપાલિકાની ડોર ટુ ડોર કચરાના કલેકશનની સુવિધાનો મહત્તમ લાભ લઈએ.
(૪) પ્લાસ્ટીકનાં ઝબલાનો બહિષ્કાર કરીએ.
(૫) નગરને હરીયાળુ બનાવવા વૃક્ષારોપણ કરીએ અને વૃક્ષને ઉછેરવાનો સંકલ્પ કરીએ.
(૬) પાણીનો કરકસર યુક્ત ઉપયોગ કરીએ અને તેનો બગાડ કરશો નહિ.
(૭) આવો આપણા નગરને ઝીરો વેસ્ટ ડસ્ટ ફ્રી અને ખુલ્લામાં શૌચક્રિયા મુક્ત બનાવીએ.
(૮) નગરપાલિકાના કરવેરા નિયમિત ભરીએ.
શુભેચ્છક
બિપીનભાઈ સવજીભાઈ લિંબાણી
પ્રમુખ
અમરેલી નગરપાલિકા
અમરેલી
બીનાબેન વિશાલભાઈ કાલેણા
ઉપપ્રમુખ
અમરેલી નગરપાલિકા
અમરેલી
ચિરાગભાઈ ચાવડા
અધ્યક્ષ
ટાઉન પ્લાનીંગ સમિતિ
અમરેલી નગરપાલિકા
અમરેલી
મનિષભાઈ હકુભાઈ ધરજીયા
અધ્યક્ષ
કારોબારી સમિતિ
અમરેલી નગરપાલિકા
અમરેલી
એચ. કે. પટેલ
ચીફ ઓફીસર
અમરેલી નગરપાલિકા
અમરેલી
તથા તમામ સદસ્યશ્રીઓ તથા કર્મચારી ગણ
અમરેલી નગર સેવા સદન - અમરેલી

૭૮માં સ્વતંત્રતા દિન
નિમિત્તે
હાર્દિક શુભકામનાઓ...



શ્રી શરદભાઈ મકવાણા
પૂર્વ સદસ્ય : સા. ન્યાય સમિતિ
જી.પં. અમરેલી
દિપાલીબેન એસ. મકવાણા
ચેરમેન : સા.ન્યાય સમિતિ
ગ્રામ પંચાયત - ચાડીયા.

Krishna Dining Hall
ક્રિષ્ના ડાઈનીંગ હોલ
અસલ કાઠીયાવાડી આહ્લાદક સ્વાદમાં...
ફુલ ગુજરાતી થાળી
પાર્સલ સુવિધા ઉપલબ્ધ
સ્પે. ચુરમાનાં લાડુ તેમજ ઉંધીયુ
અમારા ડાઈનીંગ હોલમાં સ્વચ્છતા તથા ચોખ્ખાઈની પૂરી તકેદારી રાખવામાં આવે છે.
પહેલો માળ, હિરકબાગ શોપીંગ સેન્ટર, જુના માર્કેટીંગ યાર્ડ સામે, અમરેલી. (૦૨૭૯૨) ૨૩૩૪૪૬
જયદીપ પટેલ : મો. ૯૮૭૯૯ ૯૪૦૦૧
: હેડ ઓફિસ :
ક્રિષ્ના કેટરર્સ
કેરીયા રોડ, ભોજલપરા, અમરેલી.
રમેશભાઈ પટેલ : મો. ૯૮૨૫૫ ૪૬૯૦૨

૨૨ કેરેટ હોલમાર્ક દાગીના નો ભાવ
63,100/-
(૧૦ ગ્રામ)
રહેલ તા.૧૪/૦૮/૨૦૨૪ ના રોજ
હોલમાર્ક દાગીનાનો લાઈવ ભાવ જાણવા માટે મિસકોલ કરો
9555811166
બાલમુકુંદ જ્વેલર્સ પ્રા.લી.
એ-૧૯, ઈન્દીરા માર્કેટ, અમરેલી,
કસ્ટમર કેર નંબર : ૬૩૫૨૪ ૩૧૩૬૬

LG
FREEDOM OFFERS*
26% CASHBACK
3 YEAR WARRANTY
FIXED EMI ₹1999*
LG FREEDOM CARNIVAL
02nd - 15th August



LG BEST SHOP
મુકુંદરાય એન્ડ બ્રધર્સ
કારકેર સેન્ટર સામે, ચક્કરગઢ રોડ, અમરેલી. મો. 99 74 77 23 77

૭૮માં સ્વાતંત્ર્ય દિન
નિમિત્તે
હાર્દિક શુભકામનાઓ...



15th August
: શુભેચ્છક :
શ્રી મનુભાઈ વલ્લભભાઈ દેસાઈ
(અધ્યક્ષ : શ્રી ખોડલધામ સમાધાન પંચ : અમરેલી)
(પ્રમુખ : અમરેલી જિલ્લા ટીમ્બર માર્ટ એસોસીએશન)
શ્રી ભગવાનભાઈ વલ્લભભાઈ દેસાઈ
શ્રી જયસુખભાઈ મનુભાઈ દેસાઈ
શ્રી વિજયભાઈ ભગવાનભાઈ દેસાઈ
દેસાઈ & કું. દેસાઈ કોટેક્ષ ચિતલ
બટરફલાય વુડસ ગાંધીધામ

૭૮માં સ્વાતંત્ર્ય દિન
નિમિત્તે
હાર્દિક શુભકામનાઓ...
ADITYA BIRLA
UltraTech




અલ્ટ્રાટેક સિમેન્ટ લિમિટેડ
ગુજરાત સિમેન્ટ વર્કસ - કોવાયા










*પીઆરબી એક્ટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI.(Gujarat)